MANOGAT • Year-40 • Issue-7 • 10 July 2021 • Jeth vad 15, Samvat 2077 • Yugabd 5123 • Price : Rs. 5/- • Pages : 28





# મનોગત



















## આઝાદ ભારતના ઇતિહાસમાં ભારત સરકારમાં ગુજરાતનું શ્રેષ્ઠતમ પ્રતિનિધિત્વ

## શ્રી કમલમ્ ખાતે આયોજિત પ્રદેશ કારોબારીની તસવીરો





Year : 40, Issue : 7, Pages : 28



## તંત્રીસ્થાનેથી

# કેન્દ્રીય મંત્રીમંડળનું ગૌરવપ્રદ વિસ્તરણ

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

આપણા સૌ માટે ગૌરવપ્રદ ઘટના એ છે કે, આઝાદ ભારતના ઇતિહાસમાં ભારત સરકારમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ અત્યાર સુધીનું સૌથી વધુ અને શ્રેષ્ઠતમ પ્રાપ્ત થયું છે.

આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા તાજેતરમાં જ કરવામાં આવેલા મંત્રીમંડળના વિસ્તરણમાં ગુજરાતને કલ્પના બહારનું સ્થાન મળ્યું છે. પ્રધાનમંત્રી પોતે તો ગુજરાતી જ, સાથે સાથે ૪ કેબિનેટ કક્ષાના મંત્રીઓ અને ૩ રાજ્યકક્ષાના મંત્રીઓ મળતાં આપણા માટે તો અદ્ભુત, અભૂતપૂર્વ અને ખૂબ જ આનંદદાયક ઘટના ઘટી છે.

યાદ કરો એ ઘટનાઓ - જ્યારે ગુજરાતને પરાયું કે પારકું ગણીને અન્યાયની પરાકાષ્ઠા પેદા કરવામાં આવતી હતી. એ વખતે વર્તમાનપત્રોમાં બોક્સ છપાતા હતા કે - કેન્દ્રની કોંગ્રેસ સરકારના પ્રધાનમંત્રીની મુલાકાત માટે ગુજરાતના મુખ્યમંત્રીના દિલ્હીમાં ધામા - છતાં મુલાકાત ન મળતા વીલા મોઢે પરત ! જ્યારે આજે પ્રધાનમંત્રી સાથે ગુજરાતના સાંસદોને કેન્દ્ર સરકારનું મંત્રીપદ અને તે પણ મહત્ત્વનાં મંત્રાલયો સાથે મળી રહ્યું છે.

એમ કહેવું હોય તો આપણે ચોક્કસ કહી શકીએ કે મોસાળમાં જમણ છે અને મા જ પીરસનાર છે.

આવો, રાષ્ટ્રનિર્માણના પથ પર ગુજરાતના ગ્રોથ એન્જિનથી પડકારોના પાટા પર લોકકલ્યાણ, સુવિધા, સંસ્કૃતિ અને વસુધૈવ કુટુમ્બકમ્‌ના ભાવ સાથે આપણે આગળ વધતા રહીએ.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001





**કેન્દ્ર સરકાર દ્વારા કોરોનાથી પ્રભાવિત સેક્ટર્સ માટે રૂ. ૧.૧ લાખ કરોડની લોન ગેરંટી સ્કીમ**



# કોરોનાગ્રસ્ત અર્થતંત્ર માટે રૂ. ૬,૨૮,૯૯૩ કરોડના આર્થિક રાહત પગલા

કોરોનાને કારણે ઈકોનોમીને બેઠી કરવા તેમજ વેપાર-ધંધા ઉદ્યોગોને રાહત આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૬,૨૮,૯૯૩ કરોડના આર્થિક રાહત પગલાં કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સીતારામન દ્વારા જાહેર કરાયાં હતાં. જેમાં ૮ જેટલી શ્રેણીબદ્ધ જાહેરાતો કરવામાં આવી હતી. ગ્રોથ, વેપાર તેમજ રોજગારીને લગતા ૮ પૈકી ૬ પેકેજ નવા હતા. નાના વેપારીઓ, ટ્રાવેલ, ટૂરિઝમ, હેલ્થ સેક્ટરને શ્રેણીબદ્ધ રાહતો અપાઈ હતી.

## ક્રેડિટ ગેરંટી સ્કીમ

- નાના વેપારીઓ તેમજ વ્યક્તિઓ એનબીએફસી, માઈક્રો ફાઈનાન્સ સંસ્થાઓ દ્વારા રૂ. ૧.૨૫ લાખ સુધીની લોન મેળવી શકશે.
- બેન્કનાં MCLR વત્તા વધુમાં વધુમાં વધુ ૨% વ્યાજ લઈ શકાશે.
- લોનની મુદત ૩ વર્ષ જેની સરકાર ગેરંટી આપશે.
- ૮૯ દિવસના ડિફોલ્ટર સહિત તમામ પ્રકારના લોન લેનારાઓ લોન લઈ શકશે.
- સ્કીમનો લાભ ૨૫ લાખ લોકોને મળશે.
- સ્કીમ માટે આશરે રૂ. ૭૫૦૦ કરોડની જોગવાઈ કરાશે.
- સ્કીમ ૩૧ માર્ચ ૨૦૨૨ સુધી અમલમાં રહેશે.

## ECLGS માટે સહાય


- ECLGS માટે વધારાની રૂ. ૧.૫ લાખ કરોડની સહાય
- ECLGS ૧.૦ અને ૨.૦ તેમજ ૩.૦ માટે અત્યાર સુધીમાં ૨.૬૯ લાખ કરોડ અપાયા
- આ સ્કીમમાં અગાઉ રૂ. ૩ લાખ કરોડ આપવાની જાહેરાત કરાઈ હતી.
- સ્કીમનો વ્યાપ હવે વધીને રૂ. ૪.૫ લાખ કરોડ થયો
- તમામ સેક્ટર્સને લાભ અપાશે

## આત્મનિર્ભર ભારત યોજનાનો વ્યાપ વિસ્તારાયો

- સરકાર દ્વારા ગયા વર્ષે ઓક્ટોબરમાં સ્કીમ લોન્ચ કરાઈ હતી જેનો વ્યાપ વધારીને ૩૧ માર્ચ ૨૦૨૨ સુધી કરાયો.
- સ્કીમ હેઠળ ૨૧.૪૨ લાભ લાભાર્થીઓને રૂ. ૯૦૨ કરોડ આપવામાં આવ્યા છે.
- સ્કીમ હેઠળ સરકાર રૂ. ૧૫,૦૦૦થી ઓછું વેતન મેળવનાર કર્મચારીઓ તેમજ કંપનીઓ પીએફની રકમ ચૂકવે છે.
- સ્કીમ હેઠળ રૂ. ૨૨,૮૧૦ કરોડનાં ખર્ચનો અંદાજ
- આશરે ૫૮.૫૦ લાખ લોકોને લાભ અપાશે
- સરકાર કંપની અને કર્મચારીનાં ૧૨-૧૨ ટકા પીએફની રકમ ચૂકવે છે

## પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના

- કોરોનાગ્રસ્ત ગરીબો માટે સરકારે ૨૬ માર્ચ ૨૦૨૦ના રોજ યોજના જાહેર કરી હતી
- પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના પહેલા આ સ્કીમનો લાભ એપ્રિલથી જૂન ૨૦૨૦ સુધી આપવાનો હતો જે વધારીને નવેમ્બર ૨૦૨૦ કરાયો છે
- સ્કીમ માટે વર્ષે રૂ. ૯૩,૮૬૯ કરોડનો ખર્ચ કરાશે
- આર્થિક રાહત પેકેજ
- કોરોના પ્રભાવિત સેક્ટર્સ માટે રૂ. ૧.૧ લાખ કરોડની લોન ગેરંટી સ્કીમ
- હેલ્થ સેક્ટર માટે રૂ. ૫૦,૦૦૦ કરોડની સહાય
- અન્ય સેક્ટર્સ માટે રૂ. ૬૦,૦૦૦ કરોડની સહાય



- હેલ્થ સેક્ટર માટે લોન પર વાર્ષિક વ્યાજદર ૭.૯૫ ટકાથી વધ નહીં
- અન્ય સેક્ટર માટે લોન પર વ્યાજનો દર ૮.૨૫ ટકાથી વધારે નહીં

## હેલ્થ સેક્ટર માટે ગેરંટી કવર

- શહેરો અને ગામડાંઓમાં હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વધારવાના હેતુથી સહાય
- ૮ મેટ્રો શહેરો સિવાય અન્ય શહેરો અને ગામડાઓમાં હેલ્થ અને મેડિકલ ઈન્ફ્રા વિકસાવવા તેમજ નવા પ્રોજેક્ટ માટે ગેરંટી કવર
- વિસ્તરણ માટે ૫૦ ટકા અને નવા પ્રોજેક્ટ માટે ૭૫ ટકા ગેરંટી કવર
- સંભવિત જિલ્લાઓમાં ૭૫ ટકા ગેરંટી કવર
- મહત્તમ લોન રૂ. ૧૦૦ કરોડ. ગેરંટીનો સમય ૩ વર્ષ
- વ્યાજ દર ૭.૯૫ ટકા

## કૃષિ સબસિડી

- ખેડૂતોને રૂ. ૧૪,૭૭૫ કરોડની વધારાની સબસિડી
- ડીએપી ખાતર પર રૂ. ૯૧૨૫ કરોડની સબસિડી
- એનપીકે ખાતર પર રૂ. ૫૬૫૦ કરોડની સબસિડી
- રવી મોસમમાં સરકારે ૪૩૨.૪૮ લાખ મેટ્રિક ટન ઘઉંની ખરીદી કરી
- ખેડૂતોને અત્યાર સુધીમાં રૂ. ૮૫,૪૧૩ કરોડની રકમ સીધેસીધી અપાઈ

## પ્રોજેક્ટ એક્સપોર્ટ

- પ્રોજેક્ટ એક્સપોર્ટ માટે રૂ. ૩૩,૦૦૦ કરોડનો બૂસ્ટર ડોઝ
- નેશનલ એક્સપોર્ટ ઈન્સ્યુરન્સ એકાઉન્ટ દ્વારા પ્રોજેક્ટની નિકાસ જોખમો સામે વીમાનું રક્ષણ અપાશે
- NEIA દ્વારા રૂ. ૫૨,૮૬૦ કરોડના ૨૧૧ પ્રોજેક્ટને સહાય પર દેશમાં ૬૩ ભારતીય પ્રોજેક્ટની નિકાસ કરાઈ હતી
- નિકાસને વેગ આપવા રૂ. ૮૮,૦૦૦ કરોડનાં નિકાસ ઈન્સ્યુરન્સ કવરના લાભ દેશના ૩૦ ટકા નિકાસકારોને લાભ
- પીપીપી પ્રોજેક્ટ અને એસેટ મોનેટાઈઝેશન માટે નવી પોલિસી લાવવામાં આવશે. નવી પોલિસીમાં InvITsને આવરી લેવાશે

## ડિજિટલ ઇન્ડિયા : રૂ. ૬૧,૧૦૯ કરોડ

- ભારતનેટ બ્રોડબેન્ડ દ્વારા દરેક ગામ સુધી ઈન્ટરનેટ પહોંચાડાશે
- દેશનાં તમામ ગામોમાં બ્રાડબેન્ડ ઈન્ટરનેટ કનેક્ટિવિટી
- સ્કીમ માટે કુલ રૂ. ૬૧,૧૦૯ કરોડ ખર્ચાશે

## ટૂરિસ્ટ ગાઇડ અને ટ્રાવેલ ટૂરિઝમ

- સરકાર ૧૧,૦૦૦ રજિસ્ટર્ડ ટૂરિસ્ટ ગાઇડ અને ટ્રાવેલ ટૂરિઝમને નાણાકીય સહાય કરશે
- લાઈસન્સ ધરાવતા ટૂરિસ્ટ ગાઈડને રૂ. ૧ લાખ લોન અપાશે
- ટૂરિસ્ટ એજન્સીને રૂ. ૧૦ લાખની લોન અપાશે
- લોન પર સરકાર ગેરંટી આપશે. કોઈ પ્રોસેસિંગ ચાર્જ લેવાશે નહીં
- સરકાર પર આને કારણે રૂ. ૧૦૦ કરોડનો બોજો પડશે

## વિદેશી પ્રવાસીઓને લાભ

- આ સ્કીમ ૩૧ માર્ચ ૨૦૨૨ સુધી ચાલુ રહેશે
- સ્કીમ હેઠળ રૂ. ૧૦૦ કરોડની નાણાકીય સહાય અપાશે
- પ્રવાસીને ફક્ત એક જ વખત મફત વિઝા અપાશે
- વિદેશી પ્રવાસીઓને ટૂરિસ્ટ વિઝા આપવાની શરૂઆત થયા પછી સ્કીમના લાભ મળશે
- ૨૦૧૯માં ભારતમાં ૧૦.૯૩ મિલિયન વિદેશી પ્રવાસીઓ આવ્યા હતા જેમણે મોજમજા અને બિઝનેસ પાછળ ૩૦,૦૯૮ અબજ ડોલરનો ખર્ચ કર્યો હતો.

## બાળકોના આરોગ્ય માટે રૂ. ૨૩,૨૨૦ કરોડ

- બાળકોનાં આરોગ્ય માટે ૩૧ માર્ચ ૨૦૨૨ સુધી રૂ. ૨૩,૨૨૦ કરોડ ખર્ચ કરાશે
- બાળકો માટે આઈસીસીયુ બેડ, વેન્ટિલેટર્સ બેડ, એમ્બ્યુલન્સ સુવિધા
- કેન્દ્રીય સ્તરે, જિલ્લા સ્તરે અને સબજિલ્લા સ્તરે ઓક્સિજનની પ્રાપ્તિ વધારાશે
- ટેસ્ટિંગ, નિદાન અને ફોન પર કન્સલ્ટેશન સુવિધા અપાશે

•



**શ્રી કમલમ્ ખાતે ભાજપની પ્રદેશ કારોબારીની બેઠક ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલની અધ્યક્ષતામાં મળી હતી**

## ગુજરાતની પ્રજાનો ભાજપ પર અતૂટ વિશ્વાસ અખંડ રહ્યો છે. કોરોના મહામારીના કપરા સમયે થયેલી ચૂંટણીઓમાં પણ ગુજરાતની પ્રજા ભાજપની પડખે ઊભી રહી ભાજપ સંગઠન અને ગુજરાતની ભાજપ સરકાર પ્રત્યે હરહંમેશ પોતાનો વિશ્વાસ જાળવી રાખ્યો છે - શ્રી સી. આર. પાટીલ

## પ્રધાનમંત્રીશ્રીના નેતૃત્વ પર આખા દેશને વિશ્વાસ છે - શ્રી વિજયભાઈ રૂપાણી

તારીખ ૨૮ જૂન ૨૦૨૧, સોમવારના રોજ ગાંધીનગર કાર્યાલય શ્રી કમલમ્ ખાતે ભાજપની પ્રદેશ કારોબારીની બેઠક મળી હતી ગુજરાત ભાજપના અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલની અધ્યક્ષતામાં પ્રથમ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ગુજરાત પ્રદેશના પ્રભારી શ્રી ભૂપેન્દ્ર યાદવ, સહ પ્રભારી શ્રી સુધીર ગુપ્તા, રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, પ્રદેશના મહામંત્રી, સાંસદશ્રી સહિત પદાધિકારીઓ જોડાયા હતા. કોરોનાના કપરા સમયમાં જિલ્લાના પદાધિકારીઓ વર્ચ્યુઅલ જોડાયા હતા. રાજ્યના પ્રભારી શ્રી ભૂપેન્દ્ર યાદવજી, સહપ્રભારી સુધીર ગુપ્તા, સાંસદશ્રી પરસોત્તમભાઈ રૂપાલાજી, સહિત જિલ્લાના પદાધિકારીઓ ઓનલાઈન જોડાયા હતા. કાર્યક્રમની શરૂઆત અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ સાથે રાજ્યના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ દીપ પ્રાગટ્ય અને વંદે માતરમ્‌ના ગીત સાથે કરવામાં આવી હતી. ત્યાર પછી શ્રી રજનીભાઈ પટેલે પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલને ખેસ પહેરાવી સ્વાગત કર્યું. પ્રદેશ મહામંત્રી શ્રી વિનોદ ચાવડાએ રાજ્યના સીએમ વિજયભાઈ રૂપાણીનું સ્વાગત કર્યું. પ્રદેશ મહામંત્રી શ્રી પ્રદીપસિંહ વાઘેલાએ નાયબ મુખ્યમંત્રીને ખેસ પહેરાવી સ્વાગત કર્યું હતું.




### રાજકીય પ્રસ્તાવ

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ કારોબારી એક વિશેષ પરિસ્થિતિમાં સૌ પ્રથમવાર વર્ચ્યુઅલ માધ્યમથી મળી.

ભાજપ પ્રદેશ કારોબારી આદરણીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે રાષ્ટ્રકલ્યાણ અને લોકકલ્યાણને કેન્દ્રમાં રાખી યશસ્વી રીતે સેવાનાં સાત વર્ષ પૂર્ણ કર્યાં તેમજ માનનીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે કોરોના મહામારીમાં વિવિધ પ્રકારના અસાધારણ પડકારોનો સામનો કરી જે રીતે દેશનું યોગ્ય માર્ગદર્શન કર્યું તે બદલ અભિનંદન પાઠવે છે. આદરણીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારની ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ દેશના ૮૦ કરોડ ગરીબ લોકોને મફત અનાજ આપવાનો નિર્ણય, દેશના તમામ નાગરિકને મફત વેક્સિન તેમજ કિસાન, મહિલા, દલિત, આદિવાસી, યુવાનો તથા દેશહિતના લીધેલા નિર્ણયો એ ભાજપ સરકારના 'સૌનો સાથ સૌનો વિકાસ' એ મંત્રને ચરિતાર્થ કરે છે.

રાજ્યમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં કોરોના મહામારીના



પડકારોનો સામનો કરવા ઉઠાવેલાં આવશ્યક પગલાં માટે અભિનંદન પાઠવે છે. સાથે ગુજરાતની પ્રજાએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અને ૯ (નવ) વિધાનસભા પેટાચૂંટણીમાં ભાજપ પર ભરોસો મૂકી ઐતિહાસિક સફળતા અપાવી તે બદલ ગુજરાતની પ્રજાનો હૃદયપૂર્વક આભાર માને છે.

ગુજરાત પ્રદેશ ભાજપની કારોબારી માનનીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે કરેલાં સેવાકાર્યોથી ભારતીય પ્રજાની સાથે સાથે ભાજપનો દરેક કાર્યકર્તા ગૌરવ અનુભવે છે.

ગુજરાતની પ્રજાનો ભાજપ પર અતૂટ વિશ્વાસ અખંડ રહ્યો છે. કોરોના મહામારીના કપરા સમયે થયેલી ચૂંટણીઓમાં પણ ગુજરાતની પ્રજા ભાજપની પડખે ઊભી રહી ભાજપ સંગઠન અને ગુજરાતની ભાજપ સરકાર પ્રત્યે હરહંમેશ પોતાનો વિશ્વાસ જાળવી રાખ્યો છે. પ્રદેશ પ્રમુખથી લઈ પેજ સમિતિ સુધીના ભાજપના લાખો કાર્યકર્તા પ્રદેશ અધ્યક્ષ માનનીય શ્રી સી. આર. પાટીલજીના નેતૃત્વમાં અભૂતપૂર્વ ઉત્સાહ સાથે માઈક્રોપ્લાનિંગ બનાવી પ્રજાની સેવામાં લાગેલા છે.

કપરાડાથી લઈ કચ્છ (અબડાસા) સુધી ગુજરાતના અલગ અલગ વિસ્તારોમાં આઠ વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણીમાં તમામ ધર્મ, જ્ઞાતિ, સમાજના નાગરિકોએ ભાજપ પર વિશ્વાસ મૂક્યો છે જેનાથી સ્પષ્ટ છે કે ભાજપની વિકાસલક્ષી, રાષ્ટ્રવાદી, પ્રજાભિમુખ વિચારધારાને જનતાનો સંપૂર્ણ ટેકો છે.

જનતા જનાર્દને ભાજપને અમુક મહાનગરોમાં ૨૫-૩૦ વર્ષથી તો અમુક મહાનગરોમાં ૪૦-૫૦ વર્ષોથી વિજયશ્રીનું તિલક કરી સેવા કરવાનો મોકો આપ્યો છે. કોંગ્રેસની સૌથી ખરાબ હાલત આ બધી જ ચૂંટણીઓમાં જોવા મળી છે. કોંગ્રેસે ભૂતકાળમાં પ્રજા વચ્ચે વેર-ઝેર ફેલાવવાના નિષ્ફળ પ્રયત્નો કર્યા. કોંગ્રેસના પ્રજા વિરોધી વલણના કારણે તે ગુજરાતની પ્રજાની નજરમાંથી સાવ ઊતરી ગઈ છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સુરત મહાનગરપાલિકામાં કોંગ્રેસ શૂન્ય અને વડોદરા તેમજ રાજકોટ મહાનગરપાલિકામાં બે આંકડે (ડબલ ડીજીટમાં) પણ ન પહોંચી શકી. પંચમહાલ જિલ્લા પંચાયત અને ૧૬ તાલુકા પંચાયત તેમજ ૧૮ નગરપાલિકામાં સંપૂર્ણ નામશેષ થઈ ગઈ.

## રામમંદિર સામે ફરી ષડયંત્રો

કોંગ્રેસ તથા અન્ય વિપક્ષોની દરેક મોરચે કારમી હાર થવા છતાં રામમંદિર નિર્માણ અને કલમ ૩૭૦ની નાબૂદી જેવા દેશહિતના મુદ્દાઓ ઉપર હજુ પણ પ્રજાવિરોધી રાગ આલાપવાનું બંધ નથી કરતા, છતાં ભાજપ માટે તો એ મુદ્દા હૃદય સાથે જોડાયેલા છે. ભાજપ અયોધ્યામાં રામ મંદિર નિર્માણના પક્ષમાં પ્રારંભથી જ રહી છે. ભાજપે આ મુદ્દા પર રાજનીતિ ન કરતા રાષ્ટ્રની ભાવનાને સર્વોપરી રાખી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અયોધ્યામાં રામમંદિરના પુનઃનિર્માણ માટે નહીં પરંતુ નવા સાંસ્કૃતિક ભારતના નિર્માણ માટેના પાયાનું સર્જન કર્યું છે. અયોધ્યામાં રામમંદિર રાષ્ટ્ર મંદિરના રૂપે ભારતની ન્યાયપ્રિય અવધારણાને યુગો-યુગો સુધી જીવિત રાખશે. પરંતુ આ દેશના રામમંદિર નિર્માણ વિરોધી પરિબળો શરૂઆતથી જ અડચણો ઊભી કરી રહ્યાં છે. વર્ષો સુધી આ મામલાને લટકાવી રાખ્યો. રામ અને રામમંદિર મામલે ભ્રમ અને જૂઠાણાં ફેલાવ્યાં. જ્યારે રામમંદિર નિર્માણનો માર્ગ કાનૂની રાહે મોકળો થયો છે ત્યારે રામમંદિરની જમીન મામલે જૂઠ ફેલાવી લોકોને ગુમરાહ કરવાનો પ્રયત્ન કોંગ્રેસ અને ઢોંગી સેક્યુલરો કરી રહ્યા છે. દેશની રામભક્ત પ્રજાએ ભૂતકાળમાં પણ રામવિરોધી પરિબળોને બોધપાઠ શિખવાડ્યો છે, હવે આવી કોઈ અડચણો અને જૂઠાણાને રામભક્ત પ્રજા સહન નહીં કરે.

## કલમ ૩૭૦ની પુનઃ બહાલી પાછળ કોંગ્રેસની માનસિકતા

કલમ ૩૭૦ની નાબૂદી તથા સીએએ જેવાં પગલાં પ્રજાએ સ્વીકારી લીધાં હોવા છતાં વિપક્ષો હજુ પણ એ બંને મામલે પ્રજાની ઉશ્કેરણી કરવા તત્પર હોવાનું તેમનાં વારંવારનાં નિવેદનોથી સ્પષ્ટ થાય છે. ૭૦ વર્ષથી રાષ્ટ્રીય એકતા અને અખંડિતતામાં બાધક તેમજ આતંકવાદને પોષનારી કલમ ૩૭૦ રદ થતાં જ જમ્મુ-કાશ્મીરને વિકાસના માર્ગે લાવવા કેન્દ્રની ભાજપ સરકાર સક્રિય બની ચૂકી છે. કલમ ૩૭૦ અને કલમ ૩૫-A રદ થયા પછી કાશ્મીર શાંતિ અને સદ્ભાવના માર્ગે છે ત્યારે કોંગ્રેસ, ટુકડે ગેંગ અને પાકિસ્તાન સમર્થક દેશના કેટલાક નેતાઓ કલમ ૩૭૦ની



પુનઃ બહાલીનો રાગ આલાપી રહ્યા છે. ચીન અને પાકિસ્તાનની ભાષામાં જ વાત કરતી કોંગ્રેસ કલમ ૩૭૦ને ફરી દાખલ કરવાની વાત કરી કોંગ્રેસ ફરી કાશ્મીરમાં આતંકવાદ અને હિંસાની આગ સળગાવવા માંગતી હોવાનું અને નિર્દોષ નાગરિકો અને સેનાના જવાનોની હત્યાનો સિલસિલો ફરી શરૂ થાય તેમ કોંગ્રેસ ઇચ્છતી હોવાનું ભાજપ પ્રદેશ કારોબારી માને છે.

### ૫. બંગાળમાં લોકતંત્રની હત્યા

તાજેતરમાં ૫. બંગાળનાં વિધાનસભા ચૂંટણી પરિણામો પછી બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ પ્રેરિત રાજકીય હિંસાએ માઝા મૂકી છે. અનેક કાર્યકર્તાની બોંબ ફેંકીને હત્યા કરવામાં આવી. ૬૦થી વધુ ભાજપના કાર્યકર્તાની હત્યાઓ થઈ છે. ભાજપને મત આપનાર લોકોની દુકાનો અને મકાનો સળગાવી દેવામાં આવ્યાં. સૌથી વધુ હત્યા આપણા અનુસૂચિત જાતિના બંધુઓની થઈ, તેમનાં ઘર સળગાવી દેવામાં આવ્યાં. લાખોની સંપત્તિ નષ્ટ કરી દેવામાં આવી. લોકતંત્ર અને બંધારણની સરેઆમ હત્યા થઈ રહી છે અને છતાં દરેક ફેબ્રિકેટેડ ઘટનાઓને લઈને દેશમાં હોબાળો મચાવનારી કોંગ્રેસ અને ઢોંગી સેક્યુલર પરિબળો આશ્ચર્યજનક રીતે ચૂપ રહી ગુનાહિત કૃત્ય આચરી રહી છે.

### ટૂલકિટ દ્વારા અરાજકતા ફેલાવવાનું નિંદનીય પગલું

દેશ કોરોનાની બીજી લહેરની ભારે પીડાદાયક અને પડકારજનક સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો હતો એ જ સમયે કોંગ્રેસની એક ટૂલકિટ પ્રકાશમાં આવી હતી જેણે આખા દેશને ચોંકાવી દીધો હતો. ખેડૂત આંદોલન દરમિયાન જે રીતે કથિત પર્યાવરણવાદી કિશોરી ગ્રેટા થનબર્ગે એક ટૂલકિટ સોશિયલ મીડિયા દ્વારા શેર કરી તેમાં દેશમાં અરાજકતા ફેલાવવાનાં પગલાંનું માર્ગદર્શન હતું એ જ રીતે કોરોનાકાળમાં દેશમાં અશાંતિ ફેલાવવા કોંગ્રેસની ટૂલકિટ પ્રકાશમાં આવી હતી. કપરાકાળ દરમ્યાન ગુજરાત અને રાષ્ટ્રના લોકોને ખોટી માહિતી ફેલાવવાનું દુષ્કૃત્ય કરવાના આ જઘન્ય અપરાધને જનતા ક્યારેય માફ નહિ કરે. કોંગ્રેસના આવા કૃત્યને છેલ્લી કક્ષાનું છીછરું રાજકારણ ગણીને આ ઠરાવ દ્વારા તેને વખોડી કાઢવામાં આવે છે.


### કોરોના મહામારીમાં દૃષ્ટિવંત નેતૃત્વ

દેશ સંકટની ઘડીમાં હોય ત્યારે પ્રજા અને નેતૃત્વની પરખ થાય છે. કોરોના મહામારીના કપરા સમયે દેશને એક અપ્રતિમ નેતૃત્વ પ્રાપ્ત થવું એ કોઈ સામાન્ય બાબત નથી. કોરોના વાઈરસે આખી દુનિયાને પોતાના ભરડામાં લીધી છે. અમેરિકા-ઈટાલી સહિત સમગ્ર યુરોપમાં જેવા અત્યાધુનિક સુવિધા ધરાવતા દેશો લાચાર બની ગયા હતા એવા સમયે ભારતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સંકટ સમયના સાચા સાથી પુરવાર થયા.

ગુજરાતમાં પણ સરકાર અને ભાજપ સંગઠનના પ્રયાસોથી ગુજરાતે કોરોનાના સંક્રમણ સામે ઊંચો રિકવરી રેટ હાંસલ કરી સમગ્ર દેશમાં એક અનુકરણીય ઉદાહરણ પૂરું પાડ્યું છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં 'મારું ગામ, કોરોનામુક્ત ગામ' અભિયાન અંતર્ગત ગુજરાતનાં અનેક ગામોની મુલાકાત લઈ ગ્રામજનો સાથે ચર્ચા-વિચારણા કરી કોરોનાને નાથવામાં ગુજરાત સરકારે સફળતા પ્રાપ્ત કરી. ગુજરાત એવાં જૂજ રાજ્યો પૈકી એક હતું જ્યાં નવી વ્યૂહરચના, નવી વ્યવસ્થા તેમજ બે ગણા જોશ સાથે વહીવટીતંત્ર તેમજ સ્વાસ્થ્ય કર્મચારીઓએ કોરાના રોગચાળાની બીજી લહેરને હરાવવા તમામ શક્તિ કામે લગાડી દીધી હતી.

અનેક માનવીય પગલાં સરકારે ઉઠાવ્યાં તેમાં ૧૮ વર્ષ સુધીની ઉંમરના બાળકો જેમણે મા અથવા બાપ કે મા બાપ બંનેને કોરોના મહામારીમાં ગુમાવ્યાં છે એવા બાળકોને આર્થિક માપદંડ રાખ્યા વગર ૪,૦૦૦ રૂપિયા દર મહિને આપવામાં આવશે તેમજ આ અનાથ બાળકોનો અભ્યાસ ૧૮ વર્ષ પછી પણ ચાલુ રહ્યો હશે તો એમને 'આફટર કેર' યોજનામાં સામેલ કરી ૨૧ વર્ષની ઉમર સુધી ૬,૦૦૦ રૂપિયાની આર્થિક મદદ દર મહિને આપવામાં આવશે. ભાજપ સરકારે કોરોના મહામારીની સંભવિત ત્રીજી લહેરને નાથવા આગોતરું આયોજન કર્યું છે તેને પ્રદેશ કારોબારી પ્રજાહિત જ સર્વોપરી છે તેમ માને છે.

કોરોનાકાળમાં સૌથી નકારાત્મક અને માનવતા વિરોધી વલણ વિરોધ પક્ષોનું રહ્યું તેમણે વેક્સિનથી લઈને ઓક્સિજન જેવા મામલે લોકોમાં જૂઠ, અફવા અને ભ્રમ ફેલાવ્યાં. દિલ્હીની કેજરીવાલ સરકારે તો કેન્દ્રની મોદી



## ગુજરાત પ્રદેશ ભાજપ મીડિયા વિભાગની બેઠક શ્રી કમલમ્ ખાતે યોજાઈ

### એક કરોડ ૧૪ લાખ નોંધાયેલા સભ્યો સાથે ૫૮ લાખ પેજ કમિટીના સભ્યો એ આપણી તાકાત છે - શ્રી. સી. આર .પાટીલ



તારીખ ૨૯ જૂન ૨૦૨૧ મંગળવારના રોજ શ્રી કમલમ્ ખાતે મીડિયા વિભાગની બેઠક ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષશ્રી સી. આર. પાટીલની અધ્યક્ષતામાં બપોરે ૩.૩૦ કલાકે યોજાઈ હતી. આ બેઠકમાં સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયા, પ્રદેશના મુખ્ય પ્રવકતાશ્રી યમલભાઈ વ્યાસ, પ્રદેશ મીડિયા વિભાગના કન્વીનરશ્રી યજ્ઞેશભાઈ દવે, સહ પ્રવકતાશ્રીઓ કિશોરભાઈ મકવાણા, શ્રી ભરતભાઈ ડાંગર, પ્રદેશ મીડિયા વિભાગના કન્વીનર શ્રી યજ્ઞેશભાઈ દવે સહિતના ઝોન કન્વીનરશ્રીઓ, સહ કન્વીનરશ્રીઓ હાજર રહ્યા હતા.

આ બેઠકમાં આવેલા સૌ અપેક્ષિત પદાધિકારીઓનું શબ્દોથી સ્વાગત મુખ્ય પ્રવક્તા શ્રી યમલભાઈ વ્યાસે કર્યું હતું, અને સૌને આવકાર્યા હતા. ત્યાર પછી મીડિયા વિભાગના શ્રીમતી જ્યોતિબેન પંડયાને રાષ્ટ્રીય મહિલા મોરચાના ઉપાધ્યક્ષ તરીકેની જવાબદારી મળતાં તેઓનું પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું. ત્યાર પછી ચારેય ઝોનના કન્વીનરો પાસેથી જિલ્લા સ્તર સુધીના પ્રવાસ સાથે મિટિંગની ચર્ચા બાબતોનું ઊંડાણપૂર્વક રિપોર્ટીંગ લેવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા કક્ષા સાથે તાલુકા મંડળ કક્ષાએ પણ કન્વીનર, સહ કન્વીનર નિમણૂક કરવામાં આવી છે તેની માહિતી આપવામાં આવી હતી .

આ બેઠકમાં ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલે બેઠકને સંબોધન કરતાં જણાવ્યું હતું કે સમાજમાં મીડિયામાંનું અનેરું મહત્ત્વ છે. આજના યુગમાં પેપર વાંચવાના લોકોના અલગ અલગ કારણ હોય છે જેમાં રાજકીય, સમાજિક સાથે તંત્રીલેખ પણ વાંચનારા લોકોનો એક વર્ગ હોય છે. અને પ્રદેશ મીડિયા વિભાગ દ્વારા વ્યૂઝ સાથે ન્યૂઝ આપવાની હાકલ કરી હતી. તેમજ પ્રદેશ ભાજપ મીડિયા વિભાગના કાર્યકરોને તાકીદ કરી હતી કે પાર્ટી માટે બોલવું જોઈએ પરંતુ સાથે ગુજરાત માટે પણ બોલવું જોઈએ. અંતમાં શ્રી સી. આર. પાટીલે જણાવ્યું કે આપણી પાસે કાર્યકરોની ફોજ છે. જેમાં એક કરોડ ૧૪ લાખ નોંધાયેલા સભ્યો સાથે ૫૮ લાખ પેજ કમિટીના સભ્યો એ આપણી તાકાત છે તેમ જણાવી વિશેષ માર્ગદર્શન આપ્યું હતું.

સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયાજીએ બેઠકને સંબોધન કરતાં જણાવ્યું કે મીડિયા વિભાગની ટીમ દ્વારા જિલ્લા, તાલુકા અને શક્તિ કેન્દ્રો સુધી પાર્ટીનાં કામોની માહિતી મીડિયા વિભાગ દ્વારા પહોંચે તેમ જણાવ્યું હતું. તેમજ મીડિયા વિભાગની ટીમને માર્ગદર્શન આપ્યું હતું.

મીડિયા કન્વીનરશ્રી યજ્ઞેશ દવેએ અત્યાર સુધી મીડિયાએ કરેલ કામગીરીની નોંધ સાથેની બુક અર્પણ કરી હતી, જે બુકમાં સેવાયજ્ઞ, મંડળ સ્તર સુધીની રચનાઓ, ડિબેટ ટીમને આપવામાં આવતા મુદ્દાઓ સહિતનું વૃત્ત રજૂ કર્યું.

સરકારને બદનામ કરવા વેક્સિન અને ઑક્સિજન કોરોનાથી પીડિત લોકો સુધી ન પહોંચે તેવું ગુનાઈત કૃત્ય કર્યું. એમનાં આવાં કરતૂતોની સુપ્રીમ કોર્ટે પણ ટીકા કરી.

### સેવા હી સંગઠનઃ 'નર-સેવા એ જ નારાયણ સેવા' મંત્ર

ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓએ પ્રથમ અને બીજા કોરોનાની વેવમાં 'સેવા હી સંગઠન'ના માધ્યમથી પોતાનો જીવ જોખમમાં નાખીને સેવા કરી. વિરોધ પક્ષ આ સંકટની ઘડીમાં ક્યાંય દેખાયો ન હોતો, જાણે કવોરન્ટાઈન થઈ ગયો હતો ! આવી મુશ્કેલ ઘડીમાં માત્ર



ભાજપના કાર્યકર્તા જ પ્રજાની વચ્ચે હતા. કેટલાક કાર્યકર્તાઓએ સેવા કરતાં-કરતાં પોતાના જાન ગુમાવ્યા છે, છતાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ માનનીય શ્રી નડ્ડાજીની પ્રેરણા અને આહ્વાન પર ભારતીય જનતા પાર્ટીના લાખો કાર્યકર્તા કોરોનાની મહામારીમાં 'સેવા હી સંગઠન' અને 'નરસેવા-નારાયણ સેવા'નો મંત્ર લઈ લોકસેવામાં લાગી ગયા.

ગુજરાતમાં ભાજપના કાર્યકર્તાઓએ પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલજીની પ્રેરણા અને માર્ગદર્શનમાં 'સેવા હી સંગઠન' અને 'મારું પેજ કોરોના મુક્ત' સૂત્ર દ્વારા સતત વિવિધ પ્રકારનાં સેવાકીય કાર્યો તેમજ આયોજનો થકી રાજ્યના નાગરિકોને સંક્રમણથી બચાવવામાં મદદ કરી. કોરોનાના દર્દીઓ તેમજ ક્વોરન્ટાઈન પરિવારો માટે ૧૭,૩૪૪ આઈસોલેશન બેડની વ્યવસ્થા કરી, ૫૯,૬૪૬ ટિફિન સેવા, ૨,૬૬૪ ઓક્સિજન સેવા, પ્લાઝમા ડોનેશન કેમ્પ અને બ્લડ ડોનેશન કેમ્પ, કોવિડ કેર સેન્ટર જેવી સુવિધાઓ ભાજપના કાર્યકર્તાઓએ પૂરી પાડી છે.

## આત્મનિર્ભર ભારત

આત્મનિર્ભર ભારત એ માત્ર આર્થિક વિચાર નથી પરંતુ વિકાસ, સંપત્તિ સર્જન, કલ્યાણકારી યોજનાઓ, ગુણવત્તાવાળું અને સાહસિક જીવન માટેનો એક મજબૂત વિચાર છે. કોરોના વૈશ્વિક મહામારીએ દેશની આર્થિક ગતિવિધિ રોકી દીધી હતી તેવા સમયે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ઉદ્યોગ સાહસિકો, કૃષિક્ષેત્રે તથા ગરીબ માનવીને આવી પડેલી આફતમાં મદદરૂપ થવાય તથા આફતને અવસરમાં પરિવર્તિત કરી વૈશ્વિક વેપારમાં ભારતનો ડંકો વાગી શકે તે માટે તબક્કાવાર આર્થિક પેકેજ જાહેર કર્યાં હતાં. આ રાહત પેકેજ કુલ મળીને ૨૯. ૮૭ લાખ કરોડનાં હતાં, જે દેશના GDPના ૧૫% જેટલું થાય છે. આ વિચારના મધ્યમાં Think Globally - Act Locallyનો વિચાર છે. આત્મનિર્ભર ભારતના વિચાર, પેકેજ, રીફોર્મના કારણે જ કોરોનાકાળમાં ભારતમાં ૮૧ બિલિયન ડૉલરનું FDI (ફૉરેન ડાયરેકટ ઈન્વેસ્ટમેન્ટ) આવ્યું તથા દેશનું વિદેશી હૂંડિયામણ ૬૦૫ બિલિયન ડૉલરની સપાટીએ પહોંચી શક્યું છે.


## કિસાનહિત

આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ ખરીફ પાક અંગેની ન્યૂનતમ સહાય કિંમતો એટલે કે MSPને વર્ષ ૨૦૨૧-૨૨ વધારવામાં આવી. ખેડૂત ભાઈઓને તેમની ઊપજનો સર્વશ્રેષ્ઠ ભાવ મળી રહે એના અનુસંધાનમાં ભાવવધારો કરવામાં આવ્યો છે. MSPમાં ગત વર્ષની સરખામણીમાં અત્યાર સુધીનો સર્વાધિક વધારો સૂચવવામાં આવ્યો.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ધરતીપુત્રોને નાણાંકીય અભાવને કારણે ખેત ઉત્પાદનમાં કોઈ પણ જાતની તકલીફ ન પડે તે માટે ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ એક ઐતિહાસિક નિર્ણય કરી દરેક ખેડૂતોને વર્ષ દરમિયાન રૂપિયા ૬,૦૦૦ની આર્થિક સહય ડાયરેકટ બેનિફિટ ટ્રાન્સફર મારફતે ચૂકવવાનો નિર્ણય લીધો હતો. વડાપ્રધાનશ્રીના આ નિર્ણય હેઠળ અગાઉ દેશના ૧૦. ૭૫ કરોડથી વધુ ખેડૂતોના ખાતામાં વાર્ષિક રૂપિયા ૬,૦૦૦ જમા કરાવવામાં આવ્યા છે. ૧૪ મે, ૨૦૨૧ને અક્ષય તૃતીયાના દિવસે 'પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના'ની બીજી વર્ષગાંઠના અવસરે દેશના ૯. ૫ કરોડ ખેડૂતોના ખાતામાં આઠમા હપ્તા રૂપે ૨,૦૦૦ રૂપિયા લેખે કુલ રૂપિયા ૧૯ હજાર કરોડ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર મારફતે જમા કરાવવામાં આવ્યા છે.

ગુજરાતની ભાજપ સરકારે કિસાન હિતનાં અનેક કલ્યાણકારી પગલાં લીધાં છે, યોજનાઓ અમલમાં મૂકી છે તેમજ આર્થિક પેકેજ જાહેર કર્યાં છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું સપનું હતું કે, ઈકો ફ્રેન્ડલી લિક્વિડ યુરીયા તૈયાર થાય. તેમના આ સપનાંને ગુજરાતના ઈફકો (IFFCO) એ નેનો લિક્વિડ બનાવી સાકાર કર્યું. આ યુરીયા ખાતરની એક બોરી હવે માત્ર ૫૦૦ મિલીની બોટલમાં મળશે અને તેની કિમત રૂ. ૨૪૦ છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોની આવક અને ઉત્પાદનમાં વધારો થાય તે માટે ખેતી ક્ષેત્રે વિવિધ તકનીકી સુધારા કરવામાં આવ્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોના પાક માટે લઘુતમ ટેકાના ભાવો માટે ઐતિહાસિક વધારો કરવાનો નિર્ણય કરી ધરતીપુત્રોની આવક બમણી કરવાનો પ્રયાસ કર્યો છે. એક તરફ માનનીય વડા પ્રધાનના નેતૃત્વમાં કેંદ્ર સરકાર કિસાન કલ્યાણ માટે પ્રતિબંધ છે ત્યારે કોંગ્રેસ સહિતના



વિપક્ષો કિસાન મામલે દેશભરમાં જૂઠ ફેલાવી કિસાન વિરોધી માનસિકતા છતી કરી છે.

**તાઉ-તે વાવાઝોડા સમયે આર્થિક પેકેજ**

કોરોનાની મહામારીમાં અને તાઉતે વાવાઝોડા દરમિયાન દેશના પ્રધાનમંત્રી મોદીજી દ્વારા ગુજરાત રાજ્યની ચિંતા વ્યક્ત કરી તેમજ તાઉતેનું વાવાઝોડું પૂર્ણ થયું એની સાથે તાત્કાલિક સર્વે કરી ગુજરાતને રૂપિયા ૧,૦૦૦ કરોડ વાવાઝોડાની સહાય માટે આપવામાં આવ્યા. સાથે-સાથે દેશના ગૃહમંત્રી શ્રી આદરણીય અમિતભાઈ શાહે આ વાવાઝોડા દરમિયાન રાહત અને બચાવ કામગીરી માટે તાત્કાલિક NDRFની ટુકડીઓ મોકલી આપી હતી. આમ કેન્દ્ર સરકારે ગુજરાતને કરેલી અપાર મદદ બદલ અભિનંદન આપીએ છીએ.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં ભાજપ સરકારે તાઉતે વાવાઝોડા અસરગ્રસ્ત વિસ્તારોના ખેડૂતોને ખેતી પાકોની નુકસાનીમાં મદદરૂપ થવા રૂ. ૫૦૦ કરોડનું ઐતિહાસિક વાવાઝોડા કૃષિ રાહત પેકેજ જાહેર કર્યું, જે અત્યાર સુધીનાં તમામ પેકેજ કરતાં અનેકગણું વધારે છે.

**લવ જેહાદ કાયદો લાવી દીકરીઓને સુરક્ષિત બનાવી**

ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે ગુજરાતમાં ધર્મ સ્વતંત્રતા અધિનિયમ સુધારા કાયદો લાવીને કાળજાના ટુકડા સમાન દીકરીની સુરક્ષા માટે જે ઐતિહાસિક પગલું ભર્યું છે એ માટે રાષ્ટ્રવાદી વિચારધારાને વરેલા એક પક્ષ તરીકે ભાજપ રાજ્ય સરકારને અભિનંદન પાઠવે છે. દીકરીઓના રક્ષણ માટે આ કાયદો જરૂરી હતો. આવો કાયદો લાવી લાખો દીકરીઓને સુરક્ષિત બનાવી છે. અલબત્ત, લવ જેહદ વિરોધી કાયદાકીય જોગવાઈ દીકરીઓની સલામતી માટે અમલમાં લાવવામાં આવી હોવા છતાં આ કાયદાનો સૌથી વધુ વિરોધ કોંગ્રેસ અને ઢોંગી બિનસાંપ્રદાયિકોએ કર્યો, જે અત્યંત નિંદનીય છે અને આપણને વિશ્વાસ છે કે, આગામી સમયમાં રાજ્યની પ્રજા લોકશાહી રીતે કોંગ્રેસને જવાબ આપશે.

**ગુનાખોરી અને અસામાજિક પ્રવૃત્તિ ડામવા કાયદાકીય જોગવાઈ**

એ જ રીતે રાજ્યમાં અસામાજિક પ્રવૃત્તિઓ કરતાં તત્ત્વોને નાથવા માટે પ્રબળ રાજકીય દૃઢ ઈચ્છાશક્તિ થકી આવા તત્ત્વો નેસ્તનાબૂદ થાય અને નાગરિકોને વધુ સલામતીનો અહેસાસ થાય તે આશયથી રાજ્યમાં ગુંડા અને અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા નવો ગુજરાત ગુંડા અને અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવાને લગતો કાયદો પણ બનાવ્યો છે. રાજ્યની શાંતિ, સલામતી છિન્નભિન્ન કરવાના બદઈરાદા ધરાવતાં ગુંડા તત્ત્વોને નેસ્તનાબૂદ કરવાના રાજ્ય સરકારના મક્કમ નિર્ધાર સાથે લાવવામાં આવેલા આ વિધેયકથી અસામાજિક તત્ત્વો ખંડણી ઉઘરાવનારા, કેફી ડ્રગ્સનો વ્યાપાર કરનારા તેમજ દેહવિક્રયની પ્રવૃત્તિ જેવી સમાજ વિરુદ્ધની પ્રવૃત્તિઓ પર નોંધપાત્ર અંકુશ આવશે.

રાષ્ટ્રગૌરવ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને દેશના ગૃહમંત્રી માનનીય શ્રી અમિતભાઈ શાહ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડાજી તેમજ ગુજરાતમાં કુશળ સંગઠક પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલજી તેમજ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના માર્ગદર્શનમાં ભારતીય જનતા પાર્ટીના લાખો કાર્યકર્તા ‘સૌનો સાથ, સૌનો વિકાસ થકી ગુજરાતની પ્રજાએ ભારતીય જનતા પાર્ટી પર મૂકેલા વિશ્વાસને ચરિતાર્થ કરી જનતાની આશા, આકાંક્ષા, અપેક્ષા અને સપનાંઓને પરિપૂર્ણ કરવા માટે પક્ષ તરીકે ભાજપ અને રાજ્યની ભાજપ સરકાર સંપૂર્ણ સમર્પિત છે. ગુજરાત ભાજપની સાથે હતું, આજે પણ છે આગળ પણ ભાજપની સાથે જ રહેશે, ગુજરાતની જનતાના આશીર્વાદ ભાજપ સાથે છે.

**અધ્યક્ષશ્રી સી. આર. પાટીલનું સંબોધન**

કારોબારીની બેઠકમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલે સંબોધન કર્યું હતું. તેમાં તેમણે જણાવ્યું કે કોરોનાના કપરા સમયમાં આપણે બેઠક વર્ચ્યુઅલ કરવી પડી. ૧૧ મહિના પછી પહેલી વાર કારોબારીની બેઠક મળી. શ્રી સી. આર. પાટીલે કોરોના કપરા કાળમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે દૂરદર્શિતા જાણીને નિર્ણય લીધો તેનાથી મોટી જાનહાનિ ટળી. સાથે કોરોનાની બીજી લહેરમાં જે રીતે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે રીતે ઓક્સિજનની વ્યવસ્થા, બેડની વ્યવસ્થાનો આભાર માન્યો હતો સાથે



રાજય સરકારે તાઉતે વાવાઝોડા અને કોરોનાના દર્દીઓ માટે જે વ્યવસ્થા કરી છે તેના માટે મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીનો પણ આભાર માન્યો હતો અધ્યક્ષશ્રી સી. આર. પાટીલે વધુમાં જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે રીતે દેશના વૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કર્યા છે તેના કારણે આપણા દેશના નાગરિકને એક નહીં બે રસીઓ મળી છે અને વિશ્વમાં સૌથી વધુ નાગરિકોને રસી આપવાનો રેકોર્ડ આપણે કરી શકયા છીએ. સાથે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દિવાળી સુધી ૮૦ કરોડ લોકોને નિઃશુલ્ક અનાજ આપવાની જાહેરાત કરી છે તેનો પણ ઉલ્લેખ કર્યો. સાથે વડાપ્રધાનશ્રીનો રામમંદિરનો નિર્ણય, કલમ ૩૭૦ દુર કરવાનો નિર્ણય બાબતનો પણ ઉલ્લેખ કર્યો અને કલમ ૩૭૦ માટે જે રીતે રાજયસભામાં ઠરાવ પસાર કર્યો તે અંગે ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહનો ઉલ્લેખ કર્યો હતો. સાથે રાજય સરકારની કામગીરીના પણ વખાણ કરતાં જણાવ્યું કે રાજયમાં કર્ફ્યુ જેવી સ્થિતિ દૂર થઈ છે. કોરોનામાં રાજય સરકાર સાથે સંગઠની કામગીરી અંગે પણ ચર્ચા કરી કામગીરીને બિરદાવી. સાથે શ્રી સી. આર. પાટીલે પેજસમિતિનું કામ ઝડપથી થાય તે માટે હાકલ કરી હતી અને ૯ વિધાનસભાની પેટાચૂંટણી, ૬ મહાનગરપાલિકાની ચૂંટણી, તાલુકા પંચાયતની, જિલ્લા પંચાયતની ચૂંટણીમાં કાર્યકરોની કામગીરીનાં વખાણ કર્યા હતાં. અંતમાં વૃક્ષારોપણ અને પાણીસંગ્રહના કામ વેગવંતા બને તે માટે હાકલ કરી હતી.


## શ્રી નીતિનભાઈ પટેલનું સંબોધન

રાજયના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે રાજકીય પ્રસ્તાવ રજૂ કર્યો હતો તેમાં નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે કોરોનાના કપરા સમયમાં વર્ચ્યુઅલ બેઠક મળી રહી છે જેથી આ કારોબારીને ઐતિહાસિક ગણાવી સાથે કોરોના કાળમાં થયેલ પેટાચૂંટણી અને સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં કાર્યકરોએ કરેલ કામને બિરદાવ્યું. કોરોનાના કપરા કાળમાં સંગઠને કરેલ સેવાકાર્ય જે શ્રી સી. આર પાટીલની અધ્યક્ષતામાં થયા તેમનો પણ આભાર માન્યો હતો સાથે વડાપ્રધાનના દૂરંદેશી નિર્ણયથી આપણે કોરોનાને હરાવામાં સફળતા મળી. કોરોનાની શરૂઆતમાં જે રીતે વડાપ્રધાનશ્રીએ લોકડાઉનનો જે સાહસિક નિર્ણયને બિરદાવ્યો અને જો કોરોના ન આવ્યો હોત તો દેશ ઘણા વિકાસનાં કામ કરી શક્યો હોત. કોરોના કપરા સમયમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોએ કરેલ સેવાકાર્યને બિરદાવી અને કાર્યકરોનો આભાર માન્યો રામ મંદિર, ૩૭૦ કલમ, ખેડૂતોની સરકારે કરેલ મદદ, યુરિયા ખાતરમાં કેન્દ્ર સરકારે સબસીડીમાં કરેલ મદદનો પણ ઉલ્લેખ કર્યો હતો.

રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રીએ રજૂ કરેલ રાજકીય પ્રસ્તાવને સાંસદ શ્રી રમીલાબહેન બારાએ અનુમોદન આપ્યું હતું. શ્રી રમીલાબહેને જણાવ્યું કે જે રીતે આપણી સરકારે ત્રીપલ તલાક, લવ જેહાદ, કોરોનામાં સરકારે કરેલ કામગરી, જળ મિશન યોજનાનો આભાર માન્યો હતો. વન રેનશ વન નેશન યોજના અને આદિવાસી સમાજના કલ્યાણ માટે સરકારે જે કામ કર્યું તે માટે સરકારને અભિનંદન પાઠવ્યું. સહપ્રભારીશ્રી સુધિર ગુપ્તાએ પણ બેઠકમાં માર્ગદર્શન આપ્યું હતું અને શ્રી ગોરધન ઝડફિયાજીએ કોવિડ ૧૯ પડકાર વિશે માર્ગદર્શન આપ્યું. તો બેઠકમાં શ્રી ભુખીભાઈ દલસાણીયાએ વિવિધ કાર્યક્રમ વૃક્ષારોપણ સ્વચ્છતા કાર્યક્રમને લઈ માર્ગદર્શન આપ્યું હતું. સાથે બેઠકમાં રાજયના મુખ્યમંત્રીશ્રીએ પણ વિવિધ કાર્યોને લઈ માર્ગદર્શન આપ્યું હતું. વિરોધપક્ષને આડે હાથે લેતા કહ્યું હતું કે વિરોધપક્ષ એનું ઘર પણ સારી રીતે સંભાળી શક્તો નથી. ગુજરાત સરકારની કામગીરીને કારણે કઈ રીતે પ્રજાને મદદરૂપ થયા તે અંગેની માહિતી આપી હતી, સાથે સાથે સંગઠનની સારી કામગીરી માટે મુખ્યમંત્રીશ્રીએ પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલજીનો આભાર માન્યો હતો. ત્યારબાદ જણાવ્યું કે, પ્રધાનમંત્રીશ્રીના નેતૃત્વ પર આખા દેશને વિશ્વાસ છે.

## ગુજરાતના પ્રભારી શ્રી ભૂપેન્દ્ર યાદવજીનું માર્ગદર્શન

ગુજરાતના પ્રભારીશ્રી ભૂપેન્દ્ર યાદવજીએ કોરોના જેવા કપરા સમયમાં કરેલ કાર્યને બિરદાવી અને કેન્દ્ર સરકારના કામને પ્રજા સુધી કેવી રીતે પહોચાડવું તે અંગે માર્ગદર્શન આપ્યું સાથે આવનાર સમયમાં પાર્ટીના વિવિધ કાર્ય અંગે પણ શ્રી ભૂપેન્દ્ર યાદવજીએ માર્ગદર્શન આપ્યું હતું. અને પેજ સમિતિના કામને લઈ પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલને અભિનંદન પાઠવ્યાં હતાં.



# ગુજરાતમાં NCC પ્રવૃત્તિઓનો વ્યાપ વિસ્તારીને યુવાઓને દેશહિત સર્વોપરિના દાયિત્વથી પ્રેરિત કરવાની નેમ - મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી



મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ NCC ડાયરેક્ટોરેટ ગુજરાતના NCC કેડેટસની ભારતીય સેનાના જવાનો પ્રત્યેની કૃતજ્ઞતા અને રાષ્ટ્રભક્તિની ભાવનાની આગવી સંવેદના રૂપે 'કારગીલના વીરોને ગુજરાતનો આભાર' અભિયાનનો ગાંધીનગરથી પ્રારંભ કરાવ્યો હતો.

NCC ડાયરેક્ટોરેટ ગુજરાતના વડા મેજર જનરલ અરવિંદ કપૂરની પ્રેરણાથી ''એક મૈં સો કે લિયે'' અભિયાન ગુજરાત સ્થાપના દિવસ ૧લી મે-૨૦૨૧થી શરૂ કરવામાં આવેલું છે.

આ અભિયાનના ૪ તબક્કાને મળેલી સફળતા અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વીટરના માધ્યમથી ૧૪ લાખ હિટસની સિદ્ધિ માટે વર્લ્ડ બૂક ઓફ રેકોર્ડસ દ્વારા સર્ટિફિકેટ ઓફ કમિટમેન્ટ પ્રાપ્ત થયેલું છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ સર્ટિફિકેટ NCC ડાયરેક્ટોરેટ ગુજરાતના એડિશનલ ડિરેક્ટર મેજર જનરલ શ્રી અરવિંદ કપૂરને અર્પણ કર્યું હતું.

આ અભિયાનના પાંચમા તબક્કામાં ગુજરાતના NCC કેડેટસ ૨૫ હજાર શુભેચ્છા કાર્ડ દેશની કારગીલ સરહદે તૈનાત જવાનોને કારગીલ વિજય દિવસની ૨૨મી વર્ષગાંઠ ૨૬ જુલાઈએ મોકલવાના છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ અભિયાનના પાંચમા તબક્કાનો પ્રારંભ કરાવતાં રાજ્યની વધુને વધુ યુવાશક્તિ શાળા-કોલેજોમાં NCC માં જોડાઈને દેશહિત સર્વોપરીની ભાવના સાથે રાષ્ટ્રની એકતા-અખંડિતતા માટે રાષ્ટ્રસેવા સમર્પણ ભાવ કેળવે તેવું પ્રેરક આહ્વાન કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ યુવાશક્તિ જ દેશનું ભાવિ છે અને દેશનું ભાગ્ય બદલી ભારત માતાને જગદગુરુ બનાવવા સમર્થ છે તેની ભૂમિકા આપતાં કહ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ શાળાજીવનમાં NCC પ્રવૃત્તિમાં જોડાઇને રાષ્ટ્રભાવના, કર્તવ્ય અને અનુસાશનનાં મૂલ્યોથી જીવનઘડતર કરેલું છે. તેમણે ઉમેર્યું કે, એકતા ઔર અનુશાસન NCCનું સૂત્ર છે અને યુવાઓ NCCમાં જોડાઈને એક બની સંગઠિત થઈ અનુશાસન સાથે રાષ્ટ્રસેવા સમાજસેવાની પ્રવૃત્તિઓ સુપેરે ઉપાડી શકે છે.

કોરોનાની વૈશ્વિક મહામારીના કપરાકાળમાં NCC છાત્રોએ સમાજસેવા પ્રવૃત્તિઓ ચાલુ રાખીને રાષ્ટ્ર-રાજ્ય પ્રત્યેનું દાયિત્વ નિભાવ્યું છે એમ પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું. તેમણે ગુજરાતમાં NCC પ્રવૃત્તિઓનો વ્યાપ વધે, બટાલિયનની સંખ્યામાં પણ ગુજરાતનો ક્રમ દેશમાં આગળ આવે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં ૬૪ હજાર જેટલા યુવાઓ NCCમાં જોડાયેલા છે તે માટે ગૌરવની લાગણી વ્યક્ત કરતાં કહ્યું કે, રાજ્ય સરકાર પણ NCC પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા પ્રતિબદ્ધ છે.

NCC 'C' સર્ટિફિકેટ પાસ થયેલા યુવાઓને પોલીસ દળની ભરતીમાં અગ્રતા આપવામાં આવે છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું. NCC ડાયરેક્ટોરેટ ગુજરાત દ્વારા 'એક મૈં સો કે લિયે' અભિયાનના અત્યાર સુધીમાં ચાર તબક્કા સફળતાપૂર્વક પૂર્ણ થયા છે. NCC ડાયરેક્ટોરેટ ગુજરાત મેજર જનરલ શ્રી અરવિંદ કપૂરે મુખ્યમંત્રીશ્રી સમક્ષ આ અભિયાનની વિગતો આપી હતી.

તદ્અનુસાર, આ અભિયાનના પ્રથમ તબક્કામાં સ્વયંસેવક તરીકે NCC કેડેટસે પોતાના મોબાઈલ ફોનથી ૧૦૦ સંબંધીઓ, મિત્રો, સ્નેહીજનોમાં કોવિડ પ્રોટોકોલ અને વેક્સિનેશનના મહત્ત્વ વિશે જાગૃતિ કેળવી હતી.

•



# ગુજરાતની નવતર પહેલ

## રાજ્યની ૫૩ હજાર આંગણવાડીના ૧૪ લાખથી વધુ ૩ થી ૬ વર્ષના બાળકોને અંદાજે રૂા. ૩૬ કરોડના ખર્ચે ૨૮ લાખ જોડી ગણવેશનું વિનામૂલ્યે વિતરણ

આંગણવાડીમાં ગરીબ અને મધ્યમવર્ગી પરિવારનાં બાળકોને એક સરખો ગણવેશ એ રાજ્યના ૧૪ લાખ ભૂલકાં-બાળકો માટે ઉત્સાહ, ગૌરવ અને સન્માનની ક્ષણ સાબિત થશે. એક સરખો ગણવેશ રાજ્યના ૧૪ લાખ બાળકોમાં આત્મવિશ્વાસનો વધારો કરશે. પોષણયુક્ત, કુપોષણમુક્ત ગુજરાતના નિર્માણ માટે અમારી સરકાર કટિબદ્ધ છે. બાળકોના શારીરિક અને માનસિક વિકાસ થકી ઉમદા નાગરિકનું ઘડતર શક્ય બનશે તેમ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ આંગણવાડીના બાળકોને વિનામૂલ્યે ગણવેશ વિતરણ પ્રસંગે ગાંધીનગરથી જણાવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષસ્થાને રાજ્યની ૫૩ હજાર આંગણવાડીના ૧૪ લાખથી વધુ ૩ થી ૬ વર્ષના બાળકોને અંદાજે રૂા. ૩૬ કરોડના ખર્ચે દરેક બાળકને બે જોડી ગણવેશ એમ કુલ ૨૮ લાખ જોડી વિનામૂલ્યે ગણવેશ વિતરણ કરીને ગરીબ અને સામાન્ય પરિવારના બાળકો માટે ગુજરાત સરકારે નવતર પહેલ કરી હતી.

મુખ્યમંત્રીશ્રીના હસ્તે ગાંધીનગરથી પ્રતીક રૂપે છ બાળકોને ગણવેશ એનાયત કરાયો હતો. આ પ્રસંગે મહિલા બાળ અને કલ્યાણ મંત્રી શ્રી ગણપતભાઈ વસાવા તેમજ રાજ્ય મંત્રી શ્રી વિભાવરીબહેન દવેની ગાંધીનગર ખાતે ઉપસ્થિતિ રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની આંગણવાડીઓને નંદઘર અને આંગણવાડી બહેનોને માતા યશોદાનું સન્માન આપી ગૌરવ વધાર્યું છે. ગુજરાતની આંગણવાડીઓ માટે આજે ઐતિહાસિક દિવસ છે. ગુજરાત સરકાર દ્વારા દીકરા-દીકરીઓને સમાન ગૌરવ આપવામાં આવી રહ્યું છે. દીકરીઓના જન્મદરને ખાસ પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકાર દ્વારા વાલી દીકરી યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના હેઠળ દીકરી જ્યારે પ્રથમ ધોરણમાં રૂા. ૪ હજાર, નવમા ધોરણ રૂા. ૬ હજાર અને ૧૮ વર્ષે ઉચ્ચ શિક્ષણ માટે રૂા. ૧ લાખની સહાય આપવામાં આવે છે.

મુખ્યમંત્રીશ્રી કહ્યું હતું કે, પૂર્વ પ્રાથમિક શિક્ષણની પ્રવૃત્તિઓનું ડિજિટલ કેલેન્ડર તૈયાર કરવાની ICDSની નવતર પહેલ કરી છે. જેમાં પ્રવૃત્તઓ સાથે વાર્તા, બાળ ગીતોના ઓડિયો અને વીડિયો ક્લિપીંગ્સ તેમજ ફોટોગ્રાફ્સ પણ બાળકો અને વાલીઓ જોઈ શકશે.

તેમણે કહ્યું હતું કે, આંગણવાડીમાં આવતા લાખો બાળગોપાલના સ્વાસ્થ્ય ચકાસણી માટે સ્ટેડિયોમીટર, ઈન્ફન્ટોમીટર અને વજન કાંટાનું વિતરણ પણ કરવામાં આવ્યું છે, જેનાથી બાળકોના સ્વાસ્થ્યની વિશેષ ચિંતા કરી શકાશે.


મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, નવી શિક્ષણનીતિ અનુસાર પૂર્વ પ્રાથમિક શિક્ષણને વધુ મજબૂત બનાવવા આંગણવાડીમાં અભ્યાસ કરવા આવતા લાખો બાળકોના સર્વાંગી વિકાસ માટે આ વર્ષના બજેટમાં રૂા. ૫ કરોડની પા... પા... પગલી યોજના અમલી બનાવવાનું આયોજન કર્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, મહિલા અને બાળકલ્યાણ વિભાગ દ્વારા ગત ગાંધી જયંતી-૨૦૨૦ નિમિત્તે યોજાયેલ હેન્ડ વોશિંગ કાર્યક્રમમાં વેબ લિંક દ્વારા એક સાથે પાંચ લાખ લોકો જોડાયા હતા તે રેકોર્ડ બદલ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડમાં સ્થાન પ્રાપ્ત થયું છે. જે બદલ મુખ્યમંત્રીશ્રીએ મહિલા અને બાળકલ્યાણ વિભાગની ટીમને અભિનંદન આપ્યાં હતાં.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ – લંડનની ટીમ દ્વારા પ્રમાણપત્ર એનાયત કરાયું હતું. મુખ્યમંત્રીશ્રીએ આ પ્રમાણપત્ર મહિલા અને બાળકલ્યાણ વિભાગની ટીમને એનાયત કર્યું હતું.

મુખ્યમંત્રીના નિવાસસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં આંગણવાડીનાં ભૂલકાંઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ સર્જનાત્મક કાર્યની ફોટો ફ્રેમ દ્વારા મુખ્યમંત્રીશ્રીનું ભૂલકાંઓ દ્વારા સ્વાગત કરાયું હતું, જ્યારે મુખ્યમંત્રીશ્રીએ આ બાળકોને સ્મૃતિચિહ્ન ભેટ આપીને પ્રોત્સાહિત કર્યાં હતાં.

•



# આપણું ભાજપ આપણા કાર્યક્રમો




### કર્ણાવતી મહાનગરની કારોબારી બેઠક યોજાઈ


પ્રદેશ મહામંત્રીશ્રી અને મહાનગર પ્રભારીશ્રી પ્રદીપસિંહ વાઘેલાએ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાઈને આગામી સમયમાં યોજાનાર સંગઠનાત્મક કાર્યક્રમની માહિતી આપી તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકાર તથા અ.મ્યુ.કો. દ્વારા કોરોનાકાળમાં થયેલ પ્રશંસનીય કામગીરીની વિશદ છણાવટ કરી હતી. કર્ણાવતી મહાનગરના કાર્યકરમાં આફતને અવસરમાં પલટાવવાની ક્ષમતા રહેલી છે, જેના પરિણામસ્વરૂપ ભાજપાની વિચારધારા જન જન સુધી પહોંચી છે. જૂના કાર્યકરોના ત્યાગ, પરિશ્રમ અને સંઘર્ષ થકી ભાજપનું કમળ સમગ્ર દેશમાં ખીલ્યું છે. આવા કાર્યકરોની મુલાકાત કરીને વિચાર-વિમર્શ કરીને ઘણુંબધું શીખવાની કાર્યકર્તાઓને અપીલ કરી હતી. વધુમાં શ્રી વાઘેલાએ જણાવ્યું હતું કે, પ્રદેશ પ્રમુખશ્રી સી.આર.પાટીલના નેતૃત્વમાં શરૂ થયેલું પેજ સમિતિ મિશન આગામી ચૂંટણીમાં ભાજપાને ખૂબ જ અસરકારક નીવડશે તેવો દૃઢ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમજ તમામ વિધાનસભામાં પેજ સમિતિનું કાર્ય સત્વરે પૂર્ણ કરવા હાકલ કરી હતી.

### વડોદરા શહેરની કારોબારી બેઠક યોજાઈ

પ્રદેશ મહામંત્રી ભાર્ગવભાઈએ જણાવ્યું હતું કે કોરોનાકાળમાં ભાજપનો કાર્યકર જે રીતે કાર્ય કર્યું છે. તે દેવદુર્લભ ઉક્તિને સાર્થક કરે છે જીવ ની પરવા કર્યા વગર જે રીતે સેવાકાર્ય કર્યાં છે એટલે જ એમને દેવદુર્લભ કાર્યકર કહ્યા છે. આ જનસંઘની પુષ્ઠભૂમિ પરથી જે સંસ્કારોનું સિંચન થયું છે તે આ યુવા કાર્યકરોમાં આ સંસ્કાર દેખાય છે. લોકોના જીવ બચાવવાના સેવાકાર્ય કર્યા છે પ્રધાનમંત્રી શ્રી દિવસ રાત પરિશ્રમ કરી સેવા કાર્ય કરે છે અને માનનીય દીનદયાલ ઉપાધ્યાયજી અને ડો. શ્યામાપ્રસાદ મુખર્જીના સપનાને સાકાર કરી રહ્યા છે વડોદરા મહાનગર સેવા સદનમાં ભાજપનો અભૂતપૂર્વ વિજય થયો છે તે કાર્યકરોના અથાગ પરિશ્રમને કારણે મળ્યો છે. પેજ કમિટીની રચના અને પેજ પ્રમુખની રચનાથી આપણે જન જન સુધી પહોંચી શક્યા છીએ. ભાજપા સંગઠનના વિવિધ મોરચાના એક કાર્યકર પાંચ શક્તિકેન્દ્રના સમૂહ પર ૫ કાર્યકરોની ટીમ બનાવી તેને સંભાળશે જેથી બૂથના એક એક કાર્યકર સુધી પહોંચી જવાશે. વધુમાં કોંગ્રેસને આડે હાથે લેતાં જણાવ્યું હતું કે કોંગ્રેસનું શાસન નીતિ વિહોણું હતું. તેઓને માત્ર તેમના શાસનમાં રાજનીતિ લાભ દેખાતો હતો પરંતુ ભાજપ નીતિથી શાસન ચલાવે છે. બીજેપી પાર્ટી સર્વવ્યાપી બની રહી છે. અને જન જન સુધી સર્વસ્પર્શી કામ કરવા માટે તે પેજ સમિતિ તેનું માધ્યમ છે. ભાજપને સર્વવ્યાપી બનાવવા માટે કાર્યકર્તા કાર્ય કરે છે. બીજેપીને સર્વસ્પર્શી બનાવવા પ્રધાનમંત્રીશ્રી, રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી, પ્રદેશ પ્રમુખશ્રી પ્રયત્નો કરી રહ્યા છે તેઓને આપણે સહયોગ કરવો જોઈએ.

•





**મધ્યપ્રદેશના રાજ્યપાલ તરીકે શ્રી મંગુભાઈ પટેલની નિમણૂક થતાં ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશના અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલે શુભેચ્છા પાઠવી**

દેશમાં ૮ રાજ્યોમાં નવા રાજ્યપાલની નિમણૂક કરવામાં આવી છે. ત્યારે મધ્યપ્રદેશના રાજ્યપાલ તરીકે મંગુભાઈ પટેલની નિમણૂક કરવામાં આવી છે. આ નિર્ણયને ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલે આવકાર્યો અને શ્રી મંગુભાઈ પટેલને શુભેચ્છા પાઠવી.


આ પહેલાં આનંદીબહેન પટેલ પાસે મધ્યપ્રદેશના રાજ્યપાલનો વધારાનો હવાલો હતો. શ્રી મંગુભાઈ પટેલ ભાજપના વરિષ્ઠ આગેવાન છે અને ૬ ટર્મથી ધારાસભ્ય રહી ચૂક્યા છે. શ્રી મંગુભાઈ પટેલ નવસારી બેઠક પરથી ૫ વખત અને ગણદેવી બેઠક પરથી એક વખત ધારાસભ્ય બન્યા હતા. આ ઉપરાંત રાજ્ય સરકારમાં કેબિનેટ મંત્રી તરીકેની જવાબદારી નિભાવી હતી. સાથે ભાજપના એસ. ટી. મોરચાના કારોબારી સભ્ય અને પ્રદેશ ભાજપાના ઉપાધ્યક્ષ મહામંત્રી તરીકે પણ જવાબદારી નિભાવી હતી.

આ સાથે ૮ રાજ્યોના રાજ્યપાલશ્રીના નિર્ણયને ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલે આવકાર્યો હતો.

## પ્રદેશના સેલના સંયોજકશ્રીઓ

| સેલનું નામ | ક્રમ | સંયોજકશ્રીનું નામ |
|---|---|---|
| ચિકિત્સા (Medical) | ૧ | ડૉ. ધર્મેન્દ્રભાઈ ગજ્જર (કર્ણાવતી) |
| | ૨ | ડૉ. અતુલભાઈ પંડ્યા (રાજકોટ શહેર) |
| સહકારિતા (Co-operative) | ૧ | શ્રી બિપીનભાઈ પટેલ (ગોતા) (કર્ણાવતી) |
| | ૨ | શ્રી મહેન્દ્રભાઈ પનોત (ભાવનગર જિ.) |
| વ્યાવસાયિક (Professional) | ૧ | શ્રી મેહુલભાઈ વડોદરિયા (ભાવનગર શહેર) |
| | ૨ | શ્રી ગુંજનભાઈ મહેતા (કર્ણાવતી) |
| | ૩ | શ્રી કરશનભાઈ ગોંડલિયા (સુરત શહેર) |
| આર્થિક (Economic) | ૧ | શ્રી પ્રેરકભાઈ શાહ (કર્ણાવતી) |
| | ૨ | શ્રી માધવભાઈ દવે (રાજકોટ શહેર) |
| શિક્ષક (Teacher) | ૧ | શ્રી મહેન્દ્રભાઈ પાડલિયા (રાજકોટ જિ.) |
| | ૨ | શ્રી મનુભાઈ પાવરા (અમદાવાદ જિ.) |
| વિધિ (કાયદાવિષયક) (Legal) | ૧ | શ્રી જે. જે. પટેલ (કર્ણાવતી) |
| | ૨ | શ્રી દિલીપભાઈ પટેલ (રાજકોટ શહેર) |
| | ૩ | શ્રી દિપકભાઈ જોષી (કર્ણાવતી) |
| સાંસ્કૃતિક (Cultural) | ૧ | શ્રી બિહારીભાઈ ગઢવી (કર્ણાવતી) |
| | ૨ | શ્રી જનકભાઈ ઠક્કર (ગાંધીનગર શહેર) |
| માછીમાર (Fisherman) | ૧ | શ્રી મહેન્દ્રભાઈ જુંગી (પોરબંદર) |
| | ૨ | શ્રી જગદીશભાઈ ફોફંડી (ગીર સોમનાથ) |
| સફાઈ કામદાર (Sweeper) | ૧ | શ્રી સુરેશભાઈ મકવાણા (નવસારી) |
| | ૨ | શ્રી દશરથભાઈ વાઘેલા (કર્ણાવતી) |
| માલધારી | ૧ | ડૉ. સંજયભાઈ દેસાઈ (રાજકોટ જિ.) |
| | ૨ | શ્રી દિનેશભાઈ ટોળીયા (રાજકોટ જિ.) |
| ચિકિત્સા (Medical) | ૧ | ડૉ. શિરીષભાઈ ભટ્ટ (નવસારી) |

● પ્રેરક શાહ



**જી.એસ.ટી. - ગુડ એન્ડ સિમ્પલ ટેક્સ (સરસ અને સરળ કાયદો) - કર ક્રાંતિની સફળતાનાં ૪ વર્ષ**

# આર્થિક સુધારાથી દેશ ઉન્નતિ તરફ અગ્રેસર
# કોરોનાના કપરા કાળમાં કર ક્રાંતિનાં કલ્યાણકારી પરિણામો

**છેલ્લાં ચાર વર્ષમાં કરના દરોમાં સરેરાશ ૪૩%થી વધુનો ઘટાડો કરાયો**


૦૧ જુલાઈ ૨૦૨૧ના રોજ GST લાગુ થવાનાં ૪ સફળ વર્ષ પૂર્ણ થયાં. આ પ્રસંગે દેશના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ વખાણ કરતાં કહ્યું કે GST એ દેશના કરમાળખામાં એક સીમાચિહ્નરૂપ સુધારો છે જેનાથી વિવિધ કરવેરાઓની સંખ્યામાં, તેના પાલન અને સામાન્ય માનવી પર પડતા કરબોજમાં ઘટાડો થવા સાથે પારદર્શિતા તેમજ સામૂહિક કરવેરાના કલેક્શનમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.' માનનીય કેન્દ્રીય નાણાંમંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનજીએ જાહેરાત કરી છે કે કરદાતાઓના સન્માનમાં કે જેમણે શરૂઆતથી અત્યાર સુધી રીટર્ન અને કર સમયસર ભર્યો છે તેમને 'પ્રશંસા પ્રમાણપત્ર' આપવાનો નિર્ણય કરેલ છે. હાલમાં કેન્દ્રીય મંત્રી શ્રીમાન નીતિન ગડકરીજીએ જણાવ્યું હતું કે GST ભારત દેશના ૫ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થાના ધ્યેયની પ્રાપ્તિમાં મદદ કરશે અને તે દેશના વિકાસ માટે એક જરૂરિયાતરૂપ પગલું છે. વર્ષ ૨૦૦૪માં કેલકર સમિતિની ભલામણના ૧૦ વર્ષ સુધી કોંગ્રેસ સરકારે કોઈ પગલાં ના લીધાં બાદ વર્ષ ૨૦૧૪ના મે મહિનામાં સ્પષ્ટ બહુમતવાળી સરકાર ચૂંટાયા બાદ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરદર્શિતાવાળા નેતૃત્વ હેઠળ સરકારે વિકાસલક્ષી માળખાકીય સુધારા કરવાના શરૂ કર્યા. GST (માલ અને સેવા કરી કાયદો જે વર્ષ ૧૯૯૯માં તે સમયના વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીની સરકાર દ્વારા સૂચવવામાં આવ્યો અને વર્ષ ૨૦૦૨માં સંશોધન માટે ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી. મોદી સરકાર ચૂંટાયા બાદ માત્ર ૭ મહિનાના ટૂંકા ગાળામાં તે સમયના નાણામંત્રી સ્વ. શ્રી અરુણભાઈ જેટલી દ્વારા GST બિલ સંસદમાં રજૂ કરવામાં આવ્યું. સમયાંતરે સુધારા વધારા કર્યા બાદ એપ્રિલ-૨૦૧૭માં લોકસભા અને રાજ્યસભામાં GST બિલ પાસ થયું અને કાયદાનું સ્વરૂપ લીધું. GST કાયદો તારીખ ૦૧ જુલાઈ ૨૦૧૭ થી લાગુ કરવામાં આવ્યો. GST કાઉન્સિલમાં કેન્દ્ર સરકારના ૨ અને રાજ્ય સરકાર કેન્દ્રશાસિત પ્રદેશોના ૩૧ સભ્યો ભેગા મળીને જાહેર હિતમાં નિર્ણયો કરે છે અને જેથી સુધારાઓ સરળતાથી અમલમાં મૂકી શકાય છે. રાહુલ ગાંધીએ દેશના સૌથી મોટા આર્થિક સુધારા GSTને 'ગબ્બર સિંહ ટેક્સ' કહીને ધુતકાર્યો હતો તેમને જણાવવાનું કે આગળની કરવ્યવસ્થામાં જે વસ્તુઓ પર સરેરાશ ૩૦% ટેક્સ લાગતો હતો તે વસ્તુઓ પર અત્યારે ૧૮% ટેક્સની જોગવાઈ છે અને તે 'ગુડ ઍન્ડ સિમ્પલ ટેક્સ'નું ઉદાહરણ છે. છેલ્લાં ચાર વર્ષમાં કરના દરોમાં સરેરાશ ૪૩% થી વધુનો ઘટાડો કરાયો છે. વધુમાં નાણાં મંત્રાલયના જણાવ્યા અનુસાર 'રેવન્યુ ન્યુટ્રલ રેટ કમિટી' દ્વારા સૂચવેલ 'રેવન્યુ ન્યુટ્રલ રેટ' ૧૫.૩૦% હતો જયારે આર.બી.આઈ.ના જણાવ્યા અનુસાર અત્યારે સરેરાશ GSTનો દર ૧૧.૬૦% છે જે એક નોંધનીય બાબત છે. GST વિષે નકારાત્મક બોલતા લોકો ભારત દેશના કાયદાને સિંગાપોર જેવા મુંબઈથી અડધી વસ્તી ધરાવતા દેશના કાયદા સાથે સરખામણી કરતા હતા પરંતુ અહીં ઉલ્લેખનીય વાત એ છે કે GST લાગુ કર્યા સમયે સિંગાપોરમાં ફુગાવાનો દર રોકેટગતિએ ૮.૪૦% પહોંચી ગયો હતો જયારે ભારતમાં જુલાઈ ૨૦૧૭થી જોઈએ તો સરેરાશ ફુગાવાનો દર ૪.૦૦% થી નીચે રહ્યો જે મોદી સરકારની અનોખી અને આંખે વળગી આવે એવી ઉપલબ્ધિ છે. GST એ ઉત્પાદનથી લઈને વેચાણ સુધીના દરેક તબક્કે થતી મૂલ્યવૃદ્ધિ પર લાગતો વેરો છે અને ખરીદી પર ચૂકવેલો વેરો વેચાણ પર ચૂકવવાપાત્ર વેરાની જવાબદારીમાં બાદ મળે છે, અને તે જ કારણથી મોદી સરકાર દ્વારા ભારત દેશમાં લાગુ કરવામાં આવેલો કાયદો અન્ય દેશોની સરખામણીમાં ચડિયાતો છે. ફ્રાન્સમાં જી.એસ.ટી કાયદો વર્ષ ૧૯૫૪માં ૨૦%ના સમાંતર દરથી



લાગુ કરવામાં આવ્યો. ન્યુઝીલેન્ડ દેશમાં વર્ષ ૧૯૮૬માં ૧૦%ના દરથી GST લાગુ કરવામાં આવ્યો કે બાદમાં વધારીને ૧૫% કરવામાં આવ્યો. સિંગાપોરમાં ૩% ના દરથી GST લાગુ કરવામાં આવ્યો જે બાદમાં ૭% કરવામાં આવ્યો. ચાઈના દેશમાં ૦%, ૫% અને ૧૯% એમ ત્રણ દરથી GST લાગુ કરવામાં આવ્યો પરંતુ તેમાં ખૂબ ઓછી વસ્તુઓ પર ઈનપુટ ટેક્સ ક્રેડિટ લઈ શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી.

**'ઈઝ ઓફ ડુઇંગ બિઝનેસ'ના સૂચકઆંકમાં ભારત ૨૦૧૪માં ૧૪૨મા ક્રમ પર હતું જેમાં જી.એસ.ટી. અને મોદી સરકારના અન્ય માળખાકીય સુધારાઓને પરિણામે વર્ષ ૨૦૨૦માં ભારત ખૂબ મોટો કૂદકો મારી ૬૩મા ક્રમ પર પહોંચી ગયું છે**

GST એ દેશના મોટા ભાગના અપ્રત્યક્ષ કરવેરાઓને આવરી લઈ દેશમાં સમાંતર એક જ કાયદામાં વણી લીધા છે અને તેથી જ તે આઝાદ ભારતના ઈતિહાસનો સૌથી મોટો કર સુધારો છે. આટલો મોટો સુધારો સફળતાપૂર્વક લાગુ કરવો એ સરળ વાત નથી. દુનિયાના લગભગ ૧૬૦ જેટલા દેશોમાં GSTનો કાયદો અલગ અલગ સ્વરૂપે અસ્તિત્વમાં છે પરંતુ ભારત જેવા વિશાળ દેશમાં આ કાયદાને ખૂબ સારી રીતે અને અન્ય દેશોની સરખામણીમાં વધુ અસરકારક રીતે લાગુ કરી ભારત દેશે દુનિયા સામે એક મસમોટું ઉદાહરણ પૂરું પાડ્યું છે જેનું શ્રેય મોદી સરકારને આપવામાં કોઈ બેમત નથી. દેશમાં જયારે આટલી મોટી જનસંખ્યા અને વેપાર સંસ્થાઓને સ્પર્શતા સુધારા કરાય ત્યારે થોડી ઘણી વ્યવહારિક અને વ્યવસાયિક તકલીફો પણ જોવા મળે તે વ્યાજબી છે અને મોદી સરકારે વેપારી સમુદાયને સાથે રાખીને વેપારી વર્ગ દ્વારા વખતોવખત સૂચવેલા જરૂરી સુધારાઓ કર્યા અને આજે GSTનો કાયદો એ દેશના વેપારી વર્ગના લોકોએ ખૂબ સરસ રીતે સ્વીકારી લીધો છે. GSTની સફળતામાં મોટા કદનાં ઉદ્યોગગૃહોની સાથોસાથ નાના અને મધ્યમ કદ (એમ.એસ.એમ.ઈ)ના એકમોનો ખૂબ મોટો ફાળો રહ્યો છે. GST કાયદામાં એક્સાઈઝ ડ્યૂટી, સર્વિસ ટેક્સ, કસ્ટમ્સ, વેટ, મનોરંજન કર, લોટરી ટેક્સ અને એન્ટ્રી ટેક્સ એવા વિવિધ ૧૭ વેરાઓને મેળવી દેવાયા છે. ભારતમાં ધંધો અને વ્યવસાય કરવામાં અનુકૂળ વાતાવરણ ઊભું કરવા માટે જરૂરી પગલાંમાં GST કાયદાએ ખૂબ મોટી ભૂમિકા ભજવી છે. 'ઈઝ ઓફ ડુઇંગ બિઝનેસ'ના સૂચકઆંકમાં ભારત ૨૦૧૪માં ૧૪૨મા ક્રમ પર હતું જેમાં GST અને મોદી સરકારના અન્ય માળખાકીય સુધારાઓને પરિણામે વર્ષ ૨૦૨૦માં ભારત ખૂબ મોટો કૂદકો મારી ૬૩મા ક્રમ પર પહોંચી ગયું છે. GST કાયદાના અમલના લીધે ભારત દેશમાં રોકાણ કરવા ઈચ્છતી વિદેશી કંપનીઓ માટે અનુકૂળ વાતાવરણ ઊભું થયું છે. દેશમાં જૂના કાયદાઓ હેઠળ જોડાયેલા કરદાતાઓ પૈકી લગભગ ૬૪ લાખ એટલે કે લગભગ ૯૯.૩% વેપારીઓએ નવા GSTના કાયદામાં રજિસ્ટ્રેશન કરાવ્યું. અહીં નોંધપાત્ર વસ્તુ એ છે કે જૂના કાયદાઓમાં નોંધણી માટેની મર્યાદા ૫-૧૦ લાખ સુધીની હતી જયારે નવા GST કાયદામાં આ મર્યાદા વધારીને ૨૦ તથા ૪૦ લાખ કરવામાં આવી હતી તેમ છતાં આટલી મોટી સંખ્યામાં લોકો GSTમાં જોડાયા જે લોકોની સરકાર પ્રત્યેની વિશ્વસનીયતા સૂચવે છે. કાયદો અમલમાં આવ્યાથી ચાર વર્ષમાં ઘણા નવા વેપારીઓએ નોંધણી કરાવી અને માર્ચ-૨૦૨૧ ના અંતે નોંધાયેલા વેપારીઓની સંખ્યા ૧,૨૭,૯૮,૯૯૧ છે જે ફક્ત ચાર જ વર્ષના ટૂંકા ગાળામાં લગભગ બમણી થઈ ગયેલી જોવા મળી છે. નોંધણીનું આ સંખ્યાબળ સરકારના વધુમાં વધુ લોકોને કરવેરાના દાયરામાં લાવવાના અને વિકાસલક્ષી કામો કરવાના ધ્યેય માટે મજબૂત પરિબળ છે. જૂના કાયદાઓમાં ઉત્પાદિત વસ્તુ ઉપર એક્સાઈઝ અને વેટ તેમ બેવડા વેરા ભરવા પડતા હતા પરંતુ GST માળખામાં નક્કી કરેલા દર લેખે ફક્ત GST જ ભરવાનો રહે છે અને રીટર્ન પણ એક જ ભરવાનું રહે છે જેથી વેપારી વર્ગ માટે આ કાયદો ખૂબ સરળતાવાળો રહ્યો છે. ઉપરાંત નવા રજિસ્ટ્રેશન માટેની ઓનલાઈન પ્રક્રિયા ખૂબ સરળ હોવાથી પૂર્વ કાયદાઓ કરતાં અમલીકરણ ખૂબ સરળ બન્યું છે. હાલમાં સરકાર દ્વારા ૫ કરોડથી ઓછું વેચાણ કરતા નાના કરદાતાઓને રીટર્ન ભરવામાં રાહત આપવાના ભાગરૂપે ક્યુ.આર.એમ.પી. (ત્રિમાસિક રીટર્ન, માસિક ચુકવણી) ની યોજના જાન્યુઆરી ૨૦૨૧થી લાગુ કરવામાં આવી, જેમાં માસિક ધોરણે GSTની ચુકવણી કરીને રીટર્ન ત્રિમાસિક ધોરણે ભરી શકાશે જે ખૂબ જ સરાહનીય પગલું છે.



**કુલ ૧૨૧૪ વસ્તુઓમાંથી ૧૧૮૬ જેટલી વસ્તુઓ પર જી.એસ.ટી.નો દર ૧૮% કે તેથી ઓછો કરી દેવામાં આવ્યો છે**

અગાઉ મોટા ભાગની વસ્તુઓ પર અપ્રત્યક્ષ વેરાઓનો દર અંદાજિત ૨૬.૫૦% જેટલો હતો જયારે GSTમાં આ દર ૧૮% છે. કુલ ૧૨૧૪ વસ્તુઓમાંથી ૧૧૮૬ એટલે કે લગભગ ૯૭.૬૯% જેટલી વસ્તુઓ પર GSTનો દર ૧૮% કે તેથી ઓછો કરી દેવામાં આવ્યો છે. GST એ નાના અને મધ્યમ વર્ગને ધ્યાનમાં રાખીને વણવામાં આવેલો કાયદો છે. અહીં નોંધપાત્ર વસ્તુ એ છે કે રોજબરોજની અને જીવનજરૂરિયાતની વસ્તુઓ જેવી કે દૂધ, શાકભાજી, ચા, કોફી, દવા, એલ.પી.જી., બાયોગેસ, કેરોસીન વિગેરે પર ૦% અથવા ૫% ના દરે GST લાગે છે તેમજ રેફ્રિજરેટોર, વેક્યુમ ક્લીનર, કૂલર, વોશિંગ મશીન અને ૩૨ ઇંચ સુધીના ટેલિવિઝન પર પણ GSTનો દર અગાઉના ૩૧.૩૦% થી ઘટીને ૧૮% પર આવી ગયો છે જે મોદી સરકારની મધ્યમ અને સામાન્ય જનતા પ્રત્યેની લાગણીનું ઉદાહરણ છે. હાલમાં કોરોના મહામારીમાં વપરાતી દવાઓ અને સેવાઓને GSTમાં રાહત આપવાના ભાગરૂપે મોદી સરકારે કોરોનાની સારવારમાં વપરાતી ટોસીલિઝુમેબ અને મ્યુકરમાઈકોસીસની સારવારમાં વપરાતી એમફોતેરીસીન બી જેવી દવાઓ પર GST ૫% થી ઘટાડી ૦% જયારે અન્ય દવાઓ તથા સેવાઓ પર GST ૧૨% તથા ૧૮%થી ઘટાડી ૫% કરી દેવામાં આવ્યો છે. એમ્બ્યુલન્સ સેવા પર GST ૨૮% થી ઘટાડી ૧૨% કરવામાં આવ્યો છે. શરૂમાં રજૂ કરવામાં આવેલ GSTના દરોમાં સમયાંતરે ધરખમ ઘટાડો કર્યા પછી અને અમુક કિસ્સાઓમાં નોંધણી કરાવવાની મર્યાદા ૨૦ લાખથી વધારી ૪૦ લાખ કરવામાં આવી હોવા છતાં પણ વેપારી વર્ગ દ્વારા વધેલા અમલીકરણને પરિણામે GSTની સરકારની આવકમાં ઉત્તરોઉત્તર વધારો થયેલ છે જે મોદી સરકારની એક અનોખી ઉપલબ્ધિ છે. GSTમાં સરકારને મળતી ટેક્સની આવક વર્ષ ૨૦૧૭-૧૮ માં સરેરાશ ૮૨,૨૯૪ કરોડ પ્રતિ માસ હતી, જે વર્ષ ૨૦૧૮-૧૯ માં સરેરાશ ૯૮,૧૧૪ કરોડ પ્રતિ માસ અને વર્ષ ૨૦૧૯-૨૦ માં ૧,૦૧,૮૪૩ કરોડ પ્રતિ માસ રહી હતી. મોદી સરકારનાં વિકાસલક્ષી કરેલાં કામોના ફળસ્વરૂપે GSTના કલેક્શનમાં ઉત્તરોત્તર થતો વધારો પ્રગતિ અને વિકાસના પંથે આગળ વધી રહેલા ભારતનું પ્રતિબિંબ છે અને ઉજ્જવળ ભવિષ્ય સૂચવે છે. કોરોનાના પ્રકોપ વચ્ચે કે જયારે દેશના અનેક ભાગમાં પૂર્ણ તેમજ આંશિક લોકડાઉન હોવા છતાં ઓક્ટોબર ૨૦૨૦ થી મે ૨૦૨૧ સુધી દરેક મહિને GSTનું કલેક્શન ૧ લાખ કરોડથી વધારે અને ૮ મહિનાનું સરેરાશ કલેક્શન ૧.૧૫ લાખ કરોડ પ્રતિ માસ રહ્યું છે જે કોરોના જેવી મહામારી પછી મોદી સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી વિવિધ રાહતો અને યોજનાઓની સફળતા સૂચવે છે. વધુમાં એપ્રિલ ૨૦૨૧માં GSTનું કલેક્શન ૧.૪૧ લાખ કરોડ રહ્યું હતું. સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલ વિવિધ યોજનાઓને કારણે એક્સપોર્ટમાં પણ ખૂબ વધારો જોવા મળ્યો.

**મોદી સરકારની સંવેદનશીલતાનું ઉદાહરણ**

મોદી સરકારની સંવેદનશીલતાનું વધુ એક ઉદાહરણ એ છે કે કોરોનાની મહામારીમાં સરકાર દ્વારા ગત વર્ષની જેમ આ વર્ષે પણ કોરોનાના કહેરથી રાહતરૂપે દેશના ૫ કરોડથી ઓછું વાર્ષિક ટર્નઓવર ધરાવતા વેપાર-ઉદ્યોગોને માર્ચ, એપ્રિલ અને મે મહિનાઓ માટે લંબાવેલી તારીખો સુધી અમલીકરણના અભાવે ભરવા પડતા વ્યાજ અને દંડ ભરવામાંથી મુક્તિ આપવામાં આવી છે. ૫ કરોડથી વધુ વાર્ષિક ટર્નઓવર ધરાવતા વેપાર-ઉદ્યોગોને માર્ચ, એપ્રિલ અને મે મહિનાઓ માટે લંબાવેલી તારીખો સુધી અમલીકરણના અભાવે ભરવા પડતા વ્યાજ અને દંડ ભરવામાંથી આંશિક રાહતો આપવામાં આવી છે. આ સાથે જે પણ કરદાતાને જુલાઈ-૨૦૧૭ થી એપ્રિલ ૨૦૨૧ સુધીના કોઈપણ રીટર્ન ભરવાના બાકી હોય અને જો તે ૦૧-૦૬-૨૦૨૧ થી ૩૧-૦૮-૨૦૨૧ ની વચ્ચે ફાઈલ કરે તો તેમને પ્રતિ માસ ૫૦૦ થી લઈને ૧,૦૦૦ રૂપિયાના મહત્તમ દંડ સાથે રીટર્ન ભરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. જે કિસ્સામાં રીટર્ન ભરવા માટે ડિજિટલ સિગ્નેચર ફરજિયાત હતી તેવા કિસ્સાઓમાં પણ મોબાઈલ કે ઈમેઈલથી ઓ.ટી.પી. દ્વારા પણ રીટર્ન ફાઈલ થઈ શકે તેવી વ્યવસ્થા કરી આપવામાં આવી છે. વધુમાં હવેથી રીટર્ન મોડું ભરવાના કિસ્સામાં લાગતી લેટ ફાઈલિં' ફીસમાં પણ મોટા પ્રમાણમાં ઘટાડો કરવામાં આવ્યો છે.




## ભ્રષ્ટાચાર નાથવામાં પણ સફળતા

સરકાર દ્વારા ૫૦,૦૦૦થી વધુ કિંમતના માલના આવાગમન માટે ઈ-વે બિલ ફરજિયાત કરી દેવામાં આવ્યું તેના પરિણામે કાયદાનું પાલન અને અનુકરણ કરાવવામાં સરકારને ખૂબ સરળતા રહી તથા દેશના ટ્રાન્સપોર્ટ સેક્ટરને પણ વહીવટી અને માળખાકીય રીતે ઘણી સરળતા રહી છે અને ચેક પોસ્ટ અને અન્ય બિનજરૂરી કાર્યવાહીઓમાંથી મુક્તિ મળી છે જેના કારણે આંતરરાજ્ય માલનું વાહન ઝડપી અને સરળ બન્યું છે. એક રિપોર્ટ અનુસાર GST ઈ-વે બિલના પરિણામે આંતરરાજ્ય માલ-વાહનના સ્થળાંતરના સમયમાં ૨૦% જેટલો ઘટાડો જોવાયો છે. ખાસ કરીને ખેતપેદાશો, દૂધ તથા દૂધની બનાવટો અને નાશવંત વસ્તુઓનું પરિવહન કોઈ અવરોધ વગર સરળતાથી કરી શકાય છે. GST કાયદા હેઠળ વર્ષ ૨૦૧૯-૨૦ સુધી ૫ કરોડથી ઓછું ટર્નઓવર ધરાવતા કરદાતા માટે ‘પ્રોફેશનલ પાસે GST ઓડિટ કરાવવાની જોગવાઈ હતી જે વર્ષ ૨૦૨૦-૨૧થી નાબૂદ કરવામાં આવી અને હવે આ ઓડિટને લગતું ફોર્મ સ્વ-પ્રમાણિત કરી ફાઈલ કરી શકાશે જે મોદી સરકારની કરદાતાઓ પ્રત્યેની વિશ્વસનીયતા સૂચવે છે. GST અને નોટબંધીના પરિણામે ડિજિટલ ઈકોનોમી અને કરમાળાખાના વિસ્તૃતીકરણમાં તથા અસંગઠિત ક્ષેત્રને સંગઠિત ક્ષેત્ર અને મૂળ ધારામાં લાવવામાં સરકારને ખૂબ મોટી સફળતા મળી છે. વાર્ષિક ૧.૫૦ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા નાના અને મધ્યમ કદના વેપારીઓ અને ઉદ્યોગો માટે કમ્પોઝિશન સ્કીમ લાગુ કરવામાં આવી જેમાં નજીવો કર અને સરળ રીટર્ન ભરી શકાય છે. સરકાર દ્વારા કરદાતાઓને વહીવટી સરળતા રહે અને ખોટી ક્રેડિટ લઈને કરચોરી રોકવાના ભાગરૂપે ઈ-ઈન્વોઈસ સિસ્ટમ લાગુ કરવામાં આવી જેમાં કરદાતા GST પોર્ટલ પર વેચાણનું બિલ બનાવી શકે જેના કારણે આગળ જતા કાયદાનું અમલીકરણ સરળ બનશે અને બનાવટી વેચાણ બિલ દ્વારા લેવાતી ક્રેડિટ પર અંકુશ લાવી શકાય તેમજ ટેક્સ ક્રેડિટને લગતી અસુવિધાઓ નિવારવામાં મદદ મળશે. GSTના કારણે ઉત્પાદન તથા વ્યાપારના ખર્ચમાં થતા ઘટાડાને પરિણામે ભારત દેશના ઉદ્યોગો દુનિયાના અન્ય દેશોને હરીફાઈ આપી શકે છે અને તેના પરિણામે નિકાસમાં પણ વધારો જોવા મળેલ છે. GST પોર્ટલનું કસ્ટમ્સના પોર્ટલ સાથે સંકલન કરવાથી ઈમ્પોર્ટ પર ભરવામાં આવેલ GSTની ક્રેડિટ લેવામાં સરળતા રહે છે અને મોદી સરકારના આ પગલાથી વેપારીઓની મૂડી રોકાઈ રહેતી નથી જે એક સરાહનીય પગલું છે. મોદી સરકાર દ્વારા કરચોરી અને કાળા નાણાંને નાબૂદ કરવાના ઉદ્દેશ્યથી GST વ્યવસ્થામાં મોટાભાગની કાર્યવાહી અને પ્રક્રિયા ઓનલાઈન અને ટેકનોલોજીનો ઉપયોગ થતો હોવાથી ઘણા કિસ્સાઓમાં કરચોરીઓ પકડી પાડવામાં અને ભ્રષ્ટાચાર નાથવામાં પણ સફળતા મળી છે અને તેનો સીધો લાભ વેપારીમંડળને મળ્યો. અગાઉના કરમાળખામાં રાજ્ય સરકારો દ્વારા નક્કી કરવામાં આવેલા દર અલગ અલગ રહેતા અને જેને કારણે એક રાજ્યનો વેપારી અન્ય રાજ્યમાં સરળતાથી વેપાર કરવા સક્ષમ નહોતો પરંતુ હવે GSTના કર માળખામાં આખા દેશમાં એકસમાન દર હોવાથી ઉદ્યોગો માટે રાજ્યકક્ષાને બદલે રાષ્ટ્રકક્ષાનું બજાર ઊભું થયું છે. મોદી સરકાર દ્વારા એન્ટી પ્રૉફિટીરીંગની કલમ લાગુ કરવામાં આવી જેથી GSTના કારણે ઉદ્યોગોને મળેલ ટેક્સમાં બચતનો લાભ ગ્રાહકોને આપવામાં આવે અને જો તેમ નહિ કરવાના કિસ્સામાં વેપારી વિરુદ્ધ કડક પગલાં લેવામાં આવે તેવી જોગવાઈ કરવામાં આવી, જેના પરિણામ સ્વરૂપે મોંઘવારી નાથવામાં ખૂબ મોટી સફળતા મળી અને ફુગાવો કાબૂમાં રહ્યો. આખા દેશમાં એકસમાન કરમાળખું અને નોંધણીની પ્રક્રિયા હોવાથી નાના કરદાતાઓને બહુવિધ રાજ્યોમાં નોંધણી કરાવી વેપાર કરવામાં સરળતા થઈ અને તેના માટેનો ખર્ચ પણ ઓછો થયો. નાના વેપારીઓ માટે દેશના કોઈ પણ માર્કેટમાં દાખલ થવું ખૂબ સરળ થઈ ગયું છે. GSTમાં નોંધાયેલા વેપારીઓને બેંકમાંથી લોન-ધિરાણ મેળવવામાં ખૂબ સરળતા મળી છે અને એક જાણકારી અનુસાર GSTમાં ભરેલા રીટર્નને એક ભરોસાપાત્ર દસ્તાવેજ ગણવામાં આવે છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી દૂરંદેશીવાળી અને નિર્ણાયક સરકારે, ભારત જેવા વિશાળ અને વૈવિધ્યસભર દેશના ટકાઉ અને લાંબા ગાળાના વિકાસને ઉદ્દેશીને, તકલીફવાળા વૈશ્વિક વાતાવરણમાં પણ ફુગાવાને કાબૂમાં રાખીને GST લાગુ કર્યો અને તેનું સફળ અમલીકરણ કર્યું, આ એક ગર્વ લેવા જેવી વાત છે.

●



# રાષ્ટ્રવાદી વિચારધારાને વરેલું ભાજપ

ઘણા લાંબા સમય પછી દેશમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સ્થિર અને નિર્ણાયક સરકાર દેશની ગરિમાને એક માનબિંદુ સુધી પહોંચાડવામાં સફળ થઈ છે જે ભાજપની વિચારધારા અને દેવદુર્લભ અને ઋષિતુલ્ય કાર્યકરોને કારણે શક્ય બન્યું છે. સાથે સાથે દેશમાં વિવિધ રાજકીય પક્ષો તેમની વિચારધારા સાથે શાસનમાં રહી ચૂક્યા છે ત્યારે તેમની કહેવાતી રાજકીય વિચારધારા વિશે જરા નજર નાખીએ.

દેશની સૌથી જૂની રાજકીય પાર્ટી કોંગ્રેસની સ્થાપના ૨૮મી ડિસેમ્બર ૧૮૮૫ના દિવસે ગોકુળદાસ તેજપાલ સંસ્કૃત હોલ મુંબઈ ખાતે થઈ અને પ્રથમ અધિવેશન યોજાયું. આ અધિવેશનમાં હાજર રહેવા માટેની બે મુખ્ય શરતો મંજૂર હોય તે જ વ્યક્તિ કોંગ્રેસમાં આવી શકે.

(૧) અંગ્રેજી ભાષાની જાણકારી

(૨) અંગ્રેજ સરકાર પ્રત્યેની વફાદારી.

આમ એ. ઓ. હ્યુમ જે કોંગ્રેસના સ્થાપક હતા. અંગ્રેજ સરકારને વફાદાર રહે તેવા લોકોનો એક સમૂહ બનાવવા માગતા હતા. કોંગ્રેસના ૧૮૯૫ સુધીના તમામ અધિવેશનના ઠરાવ ઉપર નજર નાખીએ તો એનું પહેલું વાક્ય મહારાણી વિક્ટોરિયાની જય અને તેમનું રાજ્ય અજર અમર રહે. વિદેશી મૂળના વ્યક્તિઓ ૧૮૯૫ સુધી કોંગ્રેસના મહામંત્રી સુધી ચીપકી રાહત પરિણામે કોંગ્રેસમાં રાષ્ટ્રવાદનો ઉદય થયો ન હતો તે નિર્વિવાદ છે. અન્ય અધિવેશનમાં તો ૨૭ વાર મહારાણી વિક્ટોરિયાનો જયકાર કોંગ્રેસે બોલાવ્યો હતો. આજે પણ કોંગ્રેસ પોતાના મૂળ સ્વભાવ પ્રમાણે મહારાણી ઈટાલીનો જયકાર બોલાવવામાં મશગૂલ છે.

## સમાજવાદી વિચારધારા

કોંગ્રેસની અંદર જ ૧૯૩૫માં નાસિકની જેલમાં એક ગ્રુપ ઊભું થયું જેમાં જયપ્રકાશ નારાયણ, રામમનોહર લોહિયા, અચ્યુત પટવર્ધન જેવા સમાજવાદી વિચારધારા ધરાવતા લોકો ભેગા થયા. નેહરુ તેમાં મુખ્ય હતા. જેવા નહેરુ પ્રધાનમંત્રી પદે આવ્યા એટલે સમાજવાદીઓ કોંગ્રેસમાંથી નીકળીને ૧૯૪૮માં સમાજવાદી પક્ષની સ્થાપના કરી અને દેશની પ્રથમ ચૂંટણી -૧૯૫૨ સામે ચૂંટણી લડ્યા. સમાજવાદી નેતા આચાર્ય કૃપલાણીએ સમાજવાદી પાર્ટીમાંથી અલગ થઈને પ્રજા કિસાન પાર્ટી બનાવી. તેઓ કોંગ્રેસ સામે ચૂંટણી લડે અને પોતાની પત્ની સુચિત્રા કૃપલાની ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી તરીકે બિરાજમાન હોય..

ત્યારબાદ બને સમાજવાદી પાર્ટી ભેગી થઈને પ્રજા સમાજવાદી પાર્ટી (PSP) બનાવી. આમ પોતાનું રાજકીય અસ્તિત્વ ટકાવી રાખવા માટે આવાં કજોડાં ભારતીય રાજકારણમાં જોવા મળ્યાં જેમની એકમાત્ર વિચારધારા પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવું.

મોહન કુમાર મંગલમ્ નામના સામ્યવાદી નેતાની થિયરી અનુસાર તમામે કોંગ્રેસમાં જઈને કોંગ્રેસ પર કબજો લઈ લેવો જોઈએ, જેના પરિણામસ્વરૂપે સામ્યવાદીઓની પણ કોંગ્રેસમાં ઘૂસપેઠ થઈ જેના પરિણામસ્વરૂપ કોંગ્રેસની ધુરા બિન કોંગ્રેસના હાથમાં આવી અને પોતાની વિચારધારા જોડે બાંધછોડ કરતા ગયા.

## સામ્યવાદી વિચારધારા

ઈ.સ. ૧૯૨૫માં સામ્યવાદી પક્ષની સ્થાપના થઈ ત્યારે તેનું નામ શું રાખવું પણ એક વિવાદ થયો તે ખૂબ જ રસપ્રદ છે .

તમામ રાજકીય પક્ષનું નામ ભારતીય રાષ્ટ્રીય જેવા શબ્દોનું પ્રયોગ જોવા મળે છે જ્યારે સામ્યવાદી પક્ષ એ રશિયાની સામ્યવાદી પક્ષની બ્રાન્ચ હોવાથી પોતાના પક્ષનું olla indian communist party નહીં પરંતુ communist party of india (PI) રાખવામાં આવ્યું.

આ પાર્ટીના મેનિફેસ્ટોમાં સ્પષ્ટ લખેલું છે કે આ દેશ એ દેશ નથી પરંતુ વિવિધ જાતિ, ધર્મ તેમજ ૧૮ ભાષા બોલનારનો એક સમૂહ છે. જે આ દેશને દેશ નથી સમજતા તેમની રાજકીય વિચારધારા એટલે મજૂર અને ખેડૂતના નામે અરાજકતા ફેલાવી પોતાના શાસનમાં પશ્ચિમ બંગાળ અને કેરાલામાં સામ્યવાદી શાસન હોવા છતાં ભાજપ શાસિત રાજ્યોની સાથે સરખામણી કરવામાં આવે તો સૌથી દયનીય હાલત ગરીબોની તેમના શાસનમાં હતી.

આવી રાજકીય વિચારધારાના અંધકાર યુગની અંદર ૨૨ એપ્રિલથી ૨૫ એપ્રિલ ૧૯૬૫ મુંબઈમાં પંડિત



● ડૉ. અમિત પી. જ્યોતિકર

દીનદયાળ ઉપાધ્યાયે આપેલું વ્યાખ્યાન એટલે એકાત્મ માનવદર્શન જે આજના યુગમાં ખૂબ જ અનિવાર્ય તેમજ પ્રાસંગિક છે તેના પરિણામસ્વરૂપ પ્રજાના આશીર્વાદ ગુજરાતમાં ૨૫ વર્ષથી અને કેન્દ્રમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને મળી રહ્યા છે.

આવી રાજકીય વિચારધારાના અંધકાર યુગમાં ૨૨ થી ૨૫ એપ્રિલ ૧૯૬૫ના પંડિત દીનદયાલ ઉપાધ્યાયે મુંબઈમાં ચાર વ્યાખ્યાન આપ્યાં તે એકાત્મ માનવદર્શન આજના યુગમાં ખૂબ જ પ્રાસંગિક છે જેમાં રાજા રામમોહન રાયને સામાજિક સુધારણા આંદોલનના જ્યોતિર્ધર કહેવામાં આવે છે તેવી જ રીતે રાજકીય વિચારધારાના જ્યોતિર્ધર તરીકે પંડિત દીનદયાલ ઉપાધ્યાયજીને કહેવામાં આવે તો અતિશયોક્તિ નથી. પશ્ચિમી સંસ્કૃતિમાં જે કમાય તે ખાય જ્યારે ભારતીય સંસ્કૃતિમાં જે જન્મે છે તે અનાજ નો હકદાર છે. જરૂરિયાત પૂરતું રાખીને બાકીનું વહેંચી દેવું. એકાત્મ માનવ દર્શન એવું દેદીપ્યમાન ચક્ર છે જેના કેન્દ્રમાં વ્યક્તિ છે બહારના વર્તુળમાં સમાજ, સમાજ પછી સૃષ્ટિ અને સૃષ્ટિ પછી પરમાત્મા અનંત બ્રહ્માંડ છે બહારના વિચારોને દેશ અનુકૂળ બનાવવા ઉદાહરણ તરીકે મોબાઈલ ટેકનોલોજીનો ઉપયોગ દેશની કૃષિ અને ઉદ્યોગોમાં કરવો. આપણા શ્રેષ્ઠ વિચારોને યુગાનુકૂલ બનાવવા જે આપણી કાર્યપદ્ધતિ હોવી જોઈએ. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના શબ્દોમાં કહીએ તો, ના કોઈનું કંઈ લેવું દેવું કદીય હોય નહી મારું-તારું, આ દુનિયામાં જે કાંઈ છે તે મનગમતું મજિયારું

## રાષ્ટ્રવાદ

ભારતના વિભાજનની શરૂઆત ૨૯ ડિસેમ્બર ૧૯૩૦થી મહમદ ઈકબાલે કરી. ત્યારબાદ ૧૯૪૦માં લાહોર અધિવેશનમાં મહમદ અલી ઝીણાએ two nation theoryને સક્રિય રીતે દેશમાં મૂકી. દેશના ભાગલાની આ નીતિ-રીતિને જો કોઈ એ વિરોધ કરવાનું કામ કર્યું હોય તો ૨૭મી સપ્ટેમ્બર ૧૯૨૫ના રોજ ડૉ. કેશવ બલિરામ હેડગેવાર દ્વારા સ્થાપિત રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા કરવામાં આવ્યો. અખંડ ભારત એ આપણી રાજકીય વિચારધારા છે. મહમદ અલી ઝીણા દ્વારા ૧૬ ઓગસ્ટ ૧૯૪૬ના રોજ સીધા પગલાના કારણે બંગાળને બચાવવાનું કોઈ કામ કર્યું હોય તો ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીએ કર્યું. ૨૧ ઓક્ટોબર ૧૯૫૧ના દિવસે રાઘોબા કન્યા વિદ્યાલય દિલ્હી ખાતે અખિલ ભારતીય જનસંઘની સ્થાપના થઈ.

અખંડ ભારત માટે જનસંઘ દ્વારા દ્વારા થયેલા સંઘર્ષ પર એક નજર નાખીએ

- જમ્મુ-કાશ્મીરમાં દો વિધાન પ્રધાન અને દો નિશાન નહિ ચલેંગે પરમિટ પ્રથાની વિરુદ્ધમાં ૧૧ મે લખનપુર પઠાણકોટ પાસે ડોક્ટર શ્યામાપ્રસાદ મુખર્જીની ધરપકડ કરવામાં આવી અને ૪૫ દિવસ પછી ૨૩ જૂન ૧૯૫૩માં તેઓ શહીદ થયા. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમને અખંડ ભારતના પ્રથમ શહીદ તરીકે ઈતિહાસમાં તેમની ગણના કરે છે.
- ગોવા મુક્તિસંગ્રામમાં જનસંઘથી કાર્યકર જગન્નાથ જોશી દ્વારા ૧૦૧ સત્યાગ્રહીઓ દ્વારા ગોવામાં પ્રવેશ હિંસક અથડામણ જેમાં મધ્યપ્રદેશના રાજા ભાવ મહાકાલ તથા ઉત્તર પ્રદેશના અમીર ચંદ ગુપ્તા જનસંઘની કાર્યકરો શહીદ થયા.
- ૧૬ ઓગસ્ટ ૧૯૬૨ ૫૦૦૦૦૦ જનસંઘ સરકારની નીતિની ટીકા કરવા ભેગા થયા જેનું સૂત્ર હતું - "ફોજ ના હારી કોમ ના હારી, હારી ગઈ સરકાર હમારી."
- કચ્છના ખંજર કોટ વિસ્તારમાં પાકિસ્તાનની ઘૂસણખોરીના વિરોધમાં જનસંઘથી કાર્યકર હરિસિંહ ગોહિલ દ્વારા એક લાખ સત્યાગ્રહી દ્વારા આંદોલન તેમજ અટલજીએ ઉપવાસ કર્યા હતા.


પ્રભુ શ્રીરામ તેમજ તેમના વિચારો આપણા માટે આસ્થા શ્રદ્ધા અને વિશ્વાસમાં વધારો કરે છે પ્રભુ શ્રીરામના શબ્દોમાં કહીએ તો

अपि स्वर्णमई लंका न रोचते लक्ष्मण
जननी जन्मभूमि स्वर्गादपि गरीयसी

આપણા માટે જનની અને જન્મભૂમિ જે સ્વર્ગથી પણ મહાન છે. એક માત્ર રાજકીય પક્ષ હશે કે તેનો નારો વંદેમાતરમ્ અને ભારત માતાના જયઘોષનો હશે.

## કોંગ્રેસના કલંકિત કર્મો

● ૨૫ જૂન ૧૯૭૫ના દિવસે રાષ્ટ્રપતિ ફકરૂદીન અલી અહમદે અડધી રાતે સહી કરી દેશ ઉપર કટોકટી લગાડી. વિરોધ પક્ષ ગેરહાજર દેશનો સૌથી કલંકિત દિવસ. ભારતીય રાજકારણના ઈતિહાસમાં સ્થાન પામ્યું.



જયારે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વિરોધ પક્ષને હાજર રાખી લોકશાહીની તમામ પ્રક્રિયાઓ પૂર્ણ કરી ૩૭૦ અને ૩૫A જેવી કલમો રદ કરી. દેશની જનતાને કરેલો વાયદો પૂર્ણ કર્યો. આમ ભાજપની કથની અને કારની એક છે જે ચરિતાર્થ થાય છે.

- અટલજીની ૧૩ દિવસની સરકારને એક illegal વોટે એક લીગલ સરકાર તોડી નાખી.
- બંધારણીય સંસ્થા પર સંપૂર્ણ વિશ્વાસ જેનું ઉદાહરણ તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી સીબીઆઈ દ્વારા ૯ કલાક પૂછપરછ કરવામાં આવી જેમાં તેમણે સંપૂર્ણ સહયોગ આપ્યો તેની સામે પશ્ચિમ બંગાળમાં બંધારણીય સંસ્થાને પ્રવેશ કરવાની મનાઈ.
- બંધારણના કોંગ્રેસે પોતાના સ્વહિતમાં સુધારા કર્યા. ઈન્દિરાજીએ ૩૨ અને રાજીવ ગાંધી મળીને કુલ ૬૮ સુધારા.
- કેરળની નાંબુદ્રીપાદની સરકારને તેમજ પેપસુ (હરિયાણા અને પંજાબ બંને પહેલા સંયુક્ત સ્ટેટ) ૩૫૬ની કલમનો ઉપયોગ કરીને બરખાસ્ત કરી

નહેરુ દ્વારા ૧૯૫૪માં પોતાના અધ્યક્ષસ્થાને દસ સભ્યોની બંધારણમાં સુધારા કરવા માટે કમિટીનું ગઠન કર્યું. ૧૯૭૬માં ઈન્દિરા દ્વારા કોંગ્રેસની પક્ષીય સમિતિનું ગઠન લોકસભાની મુદત છ વર્ષની કરવાનો ગેરબંધારણીય સુધારો કરવામાં આવ્યો. બંધારણમાં છાશવારે કોંગ્રેસના નેતા અને કોંગ્રેસ પાર્ટી દ્વારા સુધારો કરવા માટે ડો. બાબાસાહેબ આંબેડકરે ઝાટકણી કાઢી હતી અને રાજયસભામાં કહ્યું હતું કે - It was maleuplate by Congress leader and Congress Party.

## સમતાયુક્ત શોષણમુક્ત સમાજ

- સરકારે કરેલાં કાર્યોમાં આપણી રાજકીય વિચારધારા પ્રતિબિંબિત થતી હોય છે. ગરીબ કલ્યાણ મેળા, જનધન યોજના, કિસાન સન્માન નિધિ, આયુષ્યમાન ભારત, અમૃતમ્ યોજના, વનબંધુ કલ્યાણ યોજના થકી છેવાડાના માનવીની ચિંતા કરી તેમણે મુખ્ય પ્રવાહમાં લાવવા નક્કર કાર્યો કર્યાં છે.
- **અનુસૂચિત જાતિ માટે કોંગ્રેસે કરેલાં કુકર્મો પર એક નજર નાખીએ**
- ૧૮૮૫માં કોંગ્રેસની સ્થાપના અને ૩૩ વર્ષ બાદ ૧૯૧૭માં અસ્પૃશ્યતા નિવારણનો ઠરાવ જયારે ભાજપા દ્વારા દેશના સર્વોચ્ચ પદ એવા રાષ્ટ્રપતિ તરીકે રામનાથ કોવિંદને બિરાજમાન કર્યા
- કોંગ્રેસની બેવડી નીતિના વિરોધમાં સ્વામી શ્રદ્ધાનંદ દ્વારા અસ્પૃશ્યતા નિવારણ સમિતિમાંથી નિવારણ સમિતિમાંથી રાજીનામું.
- ૧૯૨૩ના મુંબઈની અખિલ ભારતીય કોંગ્રેસની કાર્યકારિણી સમિતિમાં નિર્ણય લેવામાં આવ્યો કે અસ્પૃશ્યતાનિવારણ એ સમાજ સુધારણાનું કામ છે જે કામ કોંગ્રેસનું નથી પરંતુ હિન્દુ મહાસભાનું છે આમ અસ્પૃશ્યતાનિવારણનો ગાળિયો પોતાના ગળામાંથી કોંગ્રેસે કાઢી નાખ્યો.

## કોંગ્રેસની તુષ્ટીકરણની રાજનીતિ

- કોંગ્રેસ દ્વારા તુષ્ટીકરણની રાજનીતિને કારણે ૧૯૬૯, ૧૯૮૫ અને ૨૦૦૨નાં કોમી તોફાનોમાં દેશની નિર્દોષ પ્રજા હોમાઈ છે જે નિર્વિવાદિત છે.
- ૨૦૦૫માં જાવેદ શેખ લશ્કર-એ-તોયબાના આતંકવાદી નથી અને રામ કાલ્પનિક પાત્ર છે, ઈતિહાસિક પાત્ર નથી આવી એફિડેવિટ પણ કોંગ્રેસ દ્વારા કરવામાં આવી. સોમનાથ મંદિરના જીર્ણોદ્ધાર વખતે રાજેન્દ્ર પ્રસાદનો કોંગ્રેસ દ્વારા વિરોધ જયારે ભાજપની સરકારમાં રામમંદિરનો ચુકાદો. સર્વાનુમતે હજની સબસીડી પણ રદ કરીને પોતાની વિચારધારાને વળગી રહી છે.


## જીવનમૂલ્યો સાથે રાજનીતિ

શ્રી અટલબિહારી વાજપેયીજી તેમજ શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રધાનમંત્રી તરીકે બિરાજમાન, જેમના શાસનમાં દેશે અનેક સફળતાનાં નવાં કીર્તિમાન સ્થાપિત કર્યાં છે.

તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૨૧ લાખ રૂપિયા વર્ગ-૩ અને ૪ના કર્મચારીઓની દીકરીઓ માટે આપીને ગયા. પોતાને મળેલી ભેટ-સોગાદોની ઓનલાઈન હરાજી દ્વારા મળેલી રકમ બેટી બચાવો માટે આપી.

●





## ૧૫ જુલાઈ : શ્રી વકીલ સાહેબ પુણ્યતિથિ

# વકીલ સાહેબની સંગઠાત્મક કાર્યશૈલીથી મૂલ્યનિષ્ઠ નેતૃત્વના સર્જનને બળ મળ્યું

આઝાદી બાદ વધુમાં વધુ અધઃપતન જો કોઈનું થયું હોય તો તે રાજકીય નેતૃત્વનું થયું હોય તેવું લાગે છે. રાષ્ટ્રપ્રેમી અને મૂલ્યનિષ્ઠ નેતૃત્વને જાણે લૂણો લાગી ગયો હોય તેમ લાગે છે. કોઈપણ રાજકીય પક્ષ પાસે વિચારધારા, કર્મઠ કાર્યકર્તા અને મૂલ્યનિષ્ઠ નેતૃત્વ હોવું આવશ્યક છે. તો જ રાષ્ટ્ર વિકાસ અને પ્રગતિ કરી શકે. અન્ય પક્ષો પાસે આનો અભાવ જોવા મળે છે. એક માત્ર ભાજપ પાસે આ ત્રણેય બાબતો છે. એમાય જનસંઘ - ભાજપના નેતૃત્વે પ્રમાણનિષ્ઠ, કર્તવ્યનિષ્ઠ, મૂલ્યનિષ્ઠ અને રાષ્ટ્રનિષ્ઠતાની પરંપરા બરાબર નિભાવી છે.

જનસંઘના આદ્ય સ્થાપક શ્રી શ્યામાપ્રસાદ મુખર્જી, પં. દીનદયાળ ઉપાધ્યાય, શ્રી નાનાજી દેશમુખથી લઈ ભાજપાના અટલ બિહારી વાજપેયી, શ્રી લાલકૃષ્ણ અડવાણીથી લઈ શ્રી નરેન્દ્રભાઈ મોદી સુધીના નેતાઓએ મૂલ્યનિષ્ઠ નેતૃત્વની ભૂમિકા નિભાવી છે.

આપણા ગુજરાતની વાત કરીએ તો ગુજરાતમાં પણ જનસંઘ - ભાજપના નેતૃત્વે વિચારધારા અને મૂલ્યનિષ્ઠાની પરંપરા બરાબર જાળવી રાખી છે. શ્રી વસંતભાઈ ગજેન્દ્ર ગડકર, શ્રી નાથાલાલ ઝગડા, શ્રી અરવિંદભાઇ મણીયાર, શ્રી સૂર્યકાંતભાઈ આચાર્ય, શ્રી મકરંદભાઇ દેસાઈ, શ્રી કેશુભાઈ પટેલ સહિતના નેતાઓએ કાર્યકરોને પ્રેરણા આપી છે.

''મનોગત''ની પરંપરા અનુસાર શ્રી વકીલ સાહેબની પુણ્યતિથિ નિમિત્તે તેમના લાગણીસભર અને સફળ નેતૃત્વના ગુણોની વાત કરવી છે. જે કાર્યકર્તાઓને પ્રેરણાદાયી બની શકશે. શ્રી વકીલ સાહેબે મૂલ્યનિષ્ઠ કાર્યકર્તાઓની આખી શ્રૃંખલા તૈયાર કરી છે.

કઠોર સાધાનાનો મૂર્તિમંત આવિષ્કાર એટલે વકીલ સાહેબ ૪૩ વર્ષોથી રા. સ્વ. સંઘના પ્રચારક રહી ગુજરાતના જનજીવનમાં ઓતપ્રોત બની, હજારો સ્વયંસેવકોના પથદર્શક અને પ્રેરણાદર્શક બન્યા. વકીલ સાહેબનું દૃઢ મનોબળ, અપૂર્વ ધર્મ અને પ્રબળ સંઘનિષ્ઠા હિમાલય જેવા અડીખમ રહીને હજારો કાર્યકરોના માર્ગદર્શક બન્યા હતા. જો કે કેવળ સંઘના સ્વયંસેવકો કે ભાજપાના કાર્યકર્તાઓને જ નહિ પણ કોઈપણ ક્ષેત્રમાં પ્રવૃત્તિમય લોકો માટે વકીલ સાહેબનું જીવન એક દીવાદાંડી જેવું છે.


વકીલ સાહેબ એક એવા તપસ્વી હતા કે જે કાર્યકર્તાના કેવળ ઘડવૈયા જ નહિ, પણ એક કુશળ સેનાની હતા. તેમના નેતૃત્વમાં નિર્ભિકતા, વ્યવહારુ શાણપણ, પ્રબળ પારિવારિક ભાવના અને અતૂટ લાગણીસભર સ્વભાવને કારણે નાના – મોટા સૌને પોતાના લાગતા.

### કાર્યકર્તાઓ તરફ નેતૃત્વની દૃષ્ટિ ગુણગ્રાહી હોવી જોઈએ

આદર્શ કાર્યકર્તા કોને કહેવાય? આદર્શ કાર્યકર્તાનું ઘડતર કેવી રીતે કરી શકાય? આ અંગે વકીલ સાહેબના આચાર-વિચાર ખૂબ પ્રેરણાદાયી બની રહે તેવા છે. રાજકોટના સંઘશિક્ષા વર્ગમાંના પોતાના અંતિમ ઉદ્બોધનમાં વકીલ સાહેબે જણાવ્યું હતું કે, વિશ્વાસ રાખો કે પ્રત્યેક વ્યક્તિના અંતઃકરણમાં ભગવાન વસેલો છે. પ્રત્યેક વ્યક્તિ સંસ્કારક્ષમ છે. સારા સંસ્કાર કદી પણ એળે જતા નથી. આ ભાવનાથી આપણે કામ કરીએ તો પ્રત્યેક વ્યક્તિમાં આપણને કોઈ ને કોઈ ગુણ દેખાશે. એ ગુણના આપણે પૂજારી બનીશું તો તે વ્યક્તિને પણ લાગશે કે અરે, મારામાં કંઈક ગુણ છે અને એની કોઈ પૂજા કરે છે. તો એ વ્યક્તિ કહે તેમ હું કરીશ.'

વકીલ સાહેબનો કાર્યકર્તા તરફનો ભાવ અલગ પ્રકારનો હતો. તેઓ કાર્યકર્તાને અલગ દૃષ્ટિથી નિહાળતા. તેઓ કહેતા, ''દરેક વ્યક્તિ તરફ જોવાની આપણી દૃષ્ટિ ગુણગ્રાહી હોવી જોઈએ, અને એ ભૂમિકામાંથી જ આપણો એની સાથેનો વ્યવહાર હોવો જોઈએ. કાર્યકર્તાઓની

● હેમત ગોહિલ - જામનગર



ઊણપો શોધી કાઢી બાદબાકી કરતા રહીશું તો છેવટે હું એકલો જ સારો છું એવી સ્થિતિ થશે, જે સારી નહીં. કોલસાને ઘસો છો શું કામ? કોલસાને બાળો પછી જુઓ તે કેટલું કામ આપે છે.

જો કે કાર્યકર્તાની અંદર રહેલા નાના-મોટા દોષો કે ઊણપોને વકીલ સાહેબ નજરઅંદાજ કરતા નહીં, પરંતુ એ દોષો અને ઊણપોને હળવે હળવે દૂર કરવા પ્રયાસ કરતા. એ દોષોની ચર્ચા વકીલ સાહેબ કદી ત્રીજા કાર્યકર્તા સાથે કરતા નહીં. કાર્યકર્તા અધિકાધિક આદર્શ કાર્યકર્તા થાય તે માટેના તમામ પ્રયત્નો વકીલ સાહેબ કરતા.

### કાર્યકર્તાઓના પરિવાર સાથે પારિવારિક સંબંધ કેળવો

વકીલ સાહેબ કાર્યકર્તાઓના ઘડતરની સાથે સાથે તેમના પરિવારો સાથેના સંબંધમાં પણ નાના મોટા વ્યવહારથી એક બહુ મોટો આદર્શ વારસામાં મૂકી ગયા છે. સંઘની કાર્યપદ્ધતિમાં બધા જ પ્રચારકો આ પ્રકારની પારિવારિક ભાવના ધરાવતા હોય છે. વકીલ સાહેબ માત્ર સ્વયંસેવક સાથે જ સંબંધ રાખતા એવું નહોતું, તેઓ સ્વયંસેવકના પરિવાર સાથે પણ આત્મીયતાના સંબંધ ઊભા થાય એ પ્રકારે કાર્ય કરતા.

વકીલ સાહેબ સંઘના નિશ્ચિત કાર્યક્રમો પૂર્ણ થયે સમય કાઢીને સ્વયંસેવકના ઘરે પહોંચી જતા અને સ્વયંસેવકના પરિવારના ખબર અંતર પૂછી ચર્ચા કરતા. આ બહોળા સંપર્કને લીધે જ તેઓ ગુજરાતમાં કાર્યકર્તાઓના પરિવારોમાં નિઃસ્વાર્થ પ્રેમ, અસીમ સ્નેહ અને અનુપમ આત્મીયતાનું પ્રતીક બન્યા.

### મજબૂત સંગઠન માટે સખ્ત પરિશ્રમ

ચાલીસ વર્ષ જેટલો સમય એકધારું સમર્પિત જીવન જીવનાર વકીલ સાહેબે રાષ્ટ્રજીવનના શિલ્પી તરીકે જે કાર્યો કર્યા છે, તે કાર્યો ખરા અર્થમાં તેઓને ''મૂકસેવક તરીકે નવાજવા માટે પૂરતાં છે.

સંઘનું નિત્ય કાર્ય રોજની શાખા, પ્રભાત, સાયં, રાત્રીની શાખાઓ, બેઠકો, અભ્યાસવર્ગ, શિશુથી લઈ પ્રૌઢ સુધીના બધા જ સ્વયંસેવકોનો સંપર્ક, તે માટે સતત પ્રવાસ કયારેક ચાલતાં તો કયારેક સાયકલ પર, કયારેક બસ તો કયારેક ટ્રેન.. વર્ષમાં એકથી વધુ વાર ગુજરાતના બધા જિલ્લા, તાલુકાઓનો પ્રવાસ થતો રહેતો. કેન્સર જેવી જીવલેણ બીમારી પછી પણ એકવાર સમગ્ર ગુજરાતનો પ્રવાસ કરેલ. સતત બેઠકો, ક્યાંક મેદાનમાં તો ક્યાંક ઘરમાં, ક્યારેક પાંચ સ્વયંસેવકો તો ક્યારેક પાંચસો. સ્વયંસેવકોને રાષ્ટ્રજીવનના ઘડતરમાં પોતાનું યોગદાન શું રહેવું જોઈએ તે વાત થતી રહેતી.

પ્રાંત કક્ષાથી લઈ તાલુકા કક્ષાના સેંકડો કાર્યકર્તાઓની જે હારમાળા આજે દિવસ - રાત પરિશ્રમ કરી રહી છે તેનું ઘડતર વકીલ સાહેબે જાતે કર્યું છે. કોઈ સાહિત્યસાધના આદરી રહ્યું છે, તો કોઈક પત્રકારત્વનાં મૂલ્યોનું જતન કરે છે, કોઈ વનવાસી ક્ષેત્રે કાર્યરત તો કોઈ શિક્ષણજગતની વ્યવસ્થામાં પડેલ છે. કોઈ સંતો - મહંતોને સંગઠિત શક્તિ દ્વારા સમાજના દોષોને દૂર કરવા પ્રયાર કરે છે તો કોઇ મંદિરોને સામાજિક ચેતનાનું કેન્દ્ર બનાવવા સક્રિય છે. કોઈ સંસદમાં કે વિધાનસભા ક્ષેત્રે કાર્યરત છે તો મહિલાઓ મહિલા ઉત્કર્ષ માટે કાર્યરત છે. હજારો - લાખો કાર્યકર્તાઓ વકીલ સાહેબની કલ્પનાના રાષ્ટ્રજીવનના ઘડતર કાર્યમાં કાર્યરત છે.

### સમાજસેવાના ધ્યેય સાથે કાર્યરત રહીએ

જ્યારે જ્યારે વકીલ સાહેબને સત્તામાં બેઠેલા લોકો સાથે વાત કરવાની તક મળતી ત્યારે તેઓ બહુ સ્પષ્ટ શબ્દોમાં કહેતા કે, ''આ સમાજસેવા કરવાની ઉમદા તક તમને મળી છે તો તેને દીપાવજો.'' કાર્યકર્તાઓને પણ માર્ગદર્શન કરતાં કહેતા કે, ''હું કાર્યકર્તા છું, એટલે મારું કામ સત્તામાં બેઠેલા લોકોએ કરવું જ જોઈએ તે ઠીક નહીં. કામ તો ગુણવત્તાના આધારે જ થવાં જોઈએ, સંબંધના આધારે નહીં. હા, કોઈને અન્યાય થતો હોય તો તે ન થાય તે જોવું જોઈએ.''

ક્યારેક કાર્યકર્તાઓની અપેક્ષાભંગ થતો અને કાર્યકર્તા રોષ ઠાલવતા ત્યારે વકીલસાહેબ પ.પૂ. શ્રી ગુરુજીના શબ્દો યાદ કરાવતાં કહેતા, ''સ્વયંસેવક બંધુઓ અને મિત્રો વહીવટ તંત્રમાં દખલ કરીને જાહેર અગત્યની બાબતોના અપવાદ સિવાય અન્ય કામો કરાવવા માટે સત્તાસ્થાને બેઠેલા તેમના મિત્રો પાસે ન જાય. નહીં તો તેઓ જાહેર નીતિમત્તાનાં ધોરણો નીચે લાવવા માટે અપરાધી બનશે.''

ગામડામાં વસતા લોકો પ્રત્યે વકીલ સાહેબને અતૂટ પ્રેમ અને લાગણી હતાં. તેઓએ એકવાર કહ્યું હતું કે, આપણો દેશ ગામડામાં વસતો દેશ છે. ગામડાંના લોકોને પણ એવું લાગવું જોઈએ કે પોતાનું કોઈક



સત્તામાં બેઠું છે. સત્તામાં બેઠેલા લોકો પોતાના માટે કંઈક કરશે, પોતાને સમજી શકશે, એવું ગામડાના લોકોને અનુભવાય તે જરૂરી છે.

આ હતી મૂલ્યો અને વિચારધારાની માવજતની ચિંતા.

## વકીલ સાહેબની જીવનઝરમર

વકીલ સાહેબનો જન્મ ૨૧ સપ્ટેમ્બર, ૧૯૧૭માં મહારાષ્ટ્રના સતારા જિલ્લાના ખટાવ ગામે થયેલો.

વકીલ સાહેબનું પ્રાથમિક શિક્ષણ સતારામાં થયું. વકીલ સાહેબને કસરતનો શોખ બચપણથી જ હતો. કબડ્ડી અને ખો-ખો ના તેઓ નિષ્ણાત ખેલાડી હતા. તે જમાનામાં તેમણે આ રમતોમાં અનેક ઇનામ મેળવેલાં. વકીલ સાહેબ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા હતા તેવા સમયે જ સન ૧૯૩૫ માર્ચ મહિલનામાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક પૂ. ડૉ. હેડગેવારજી સતારાની મુલાકાતે આવ્યા. યુવાનો એક મેદાનમાં એકઠા થયા. ડોકટર સાહેબે વ્યાખ્યાન આપી સૌ યુવાનોને સંઘમાં જોડાવાનું આહ્વાન કર્યું. સૌ યુવાનો સંઘમાં જોડાયા પણ વકીલ સાહેબ ન જોડાયા. વકીલ સાહેબનો સ્વભાવ હતો કે કોઈ વાતનો પૂરો વિચાર કર્યા વગર તે આગળ પગલું ન ભરે. આખી રાત અને પૂરો દિવસ ડોકટર સાહેબના પ્રવચન પર વિચાર કરી, બીજે દિવસે સંઘમાં જોડાવાનો નિર્ણય લીધો.

હાઈસ્કૂલનું શિક્ષણ પૂરું કરી ઉચ્ચ શિક્ષણ મેળવવા વકીલ સાહેબ પૂના આવ્યા. મોટો પરિવાર હોવાના કારણે અને ટૂંકી આવકને કારણે વકીલ સાહેબના ઘરની આર્થિક હાલત અતિ નબળી હતી. વકીલ સાહેબ પૂનામાં મિત્રો સાથે અતિ કરકસરથી રહેતા. ઇન્ટર આર્ટ્સ પૂરું કર્યા બાદ તેઓ એલ.એલ.બી.ની પહેલી પરીક્ષા પણ પાસ થયા અભ્યાસની સાથે સાથે સંઘકાર્ય તો ચાલુ જ હતું.

## અભ્યાસ છોડી સત્યાગ્રહમાં જોડાયા

આઝાદી પહેલાં દેશમાં ૫૦૦ ઉપરાંત દેશી રાજ્યો હતાં. તેમાં હૈદ્રાબાદ એક મોટું રાજ્ય હતું. રાજ્યમાં બહુમતિ પ્રજા હિંદુ હોવા છતાં મુસલમાન રાજા નિઝામનું જુલ્મી શાસન હતું. દેશને ૧૯૩૭માં પ્રાંતિક સ્વાયત્તતા મળવા છતાં નિઝામના જુલ્મ ચાલુ હતા. લોકોએ સ્વાયત્તતા માટે ચળવળ ચાલુ કરી. વીર સાવરકરની હાકલને ઝીલી દેશભરમાંથી સત્યાગ્રહીઓની ટુકડીઓ હૈદ્રાબાદમાં દાખલ થવા લાગી. આવી જ એક ટુકડીમાં વકીલ સાહેબ પણ પોતાનો એલ.એલ.બી.નો અભ્યાસ અધૂરો છોડી સત્યાગ્રહમાં જોડાયા. વકીલ સાહેબની ધરપકડ થઈ અને જેલમાં ધકેલી દેવામાં આવ્યા. જેલમાં સત્યાગ્રહીઓ પર અનહદ અત્યાચાર આચરવામાં આવતો. વકીલ સાહેબને પણ જેલના પટાંગણમાં પોલીસ દ્વારા તથા ભાડૂતી ગુંડાઓ દ્વારા સખત માર મારવામાં આવ્યો. આ અવસ્થામાં પણ વકીલ સાહેબ મક્કમ રહ્યા. સાત મહિના કારાવાસ ભોગવ્યા પછી વકીલ સાહેબનો જેલમાંથી છુટકારો થયો. આ સત્યાગ્રહ ભાગાનગર સત્યાગ્રહ તરીકે ઓળખાયો.

## સંઘ કાર્ય માટે પ્રચારક બની ગુજરાત આવ્યા

જેલમાંથી છૂટયા બાદ લક્ષ્મણરાવે એલ.એલ.બી.નો અભ્યાસ પૂરો કર્યો. પિતાજીની ઇચ્છા હતી કે હવે લક્ષ્મણ નોકરી - ધંધામાં લાગી ઠરીઠામ થશે. પરંતુ લક્ષ્મણરાવના મનમાં તો કંઈક જુદું જ હતું. મન તો સંઘના કાર્ય માટે રંગાઈ ચૂક્યું હતું. પૂ. શ્રી ગુરુજીએ સંઘકાર્યની ઝડપી વૃદ્ધિ માટે દેશભરમાં ઝંઝાવાતી પ્રવાસ શરૂ કરી દીધો હતો અને અનેક પ્રચારકોને વિવિધ પ્રાંતોની જવાબદારી સોંપી સંઘ કાર્ય આગળ ધપાવ્યું હતું. આવા વાતાવરણમાં વકીલ સાહેબ થોડા શાંત બેસી રહેવાના હતા ? વકીલ સાહેબ પણ સંઘકાર્ય કરવા ઘર છોડી પ્રચારક જીવન જીવવા નીકળી પડ્યા. તેઓ પણ સંઘની યોજના મુજબ ૧૯૪૩માં ગુજરાતમાં નવસારી આવી પહોંચ્યા. વકીલ સાહેબ કુશળ સંગઠક હતા. નવસારી શહેરમાં અને તાલુકાઓમાં સંઘની શાખાઓ વધવા લાગી.

આઝાદી પૂર્વે વકીલસાહેબ તથા તેમની સાથેની યુવા પ્રચારકોની ટીમે માતૃભૂમિના કલ્યાણ માટે પૂર્ણ પુરુષાર્થથી ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ બધે જ સંઘનો વિસ્તાર વિસ્તાર્યો હતો. વકીલ સાહેબનું અખંડ કાર્યરત, પ્રેરક પ્રભાવી છતાં પ્રસન્ન વ્યક્તિત્વ સૌને આકર્ષતું. દિવસ અને રાત ગુજરાતમાં સંઘ કાર્ય સતત વિસ્તરતું અને વિકસતું ગયું.

અંતે, ૧૫ જુલાઈ, ૧૯૮૫ના રોજ વકીલ સાહેબે દેહ સ્વરૂપે આપણા સૌની વચ્ચેથી વિદાય લીધી. ધ્યેય સિદ્ધિ માટે કાર્યરત લાખો કાર્યકર્તાઓને અખંડ કાર્યરત રહેવાની અખૂટ પ્રેરણા, પ્રકાશ અને પ્રદાન આપતો તેઓનો જીવન સંદેશ હંમેશા જીવંત રહેશે.

તપસ્વી ગયા તપ રહ્યું !

●



## ભૂપેન્દ્રનાથ દત્ત

ક્રાંતિકારી ભૂપેન્દ્રનાથ દત્ત સ્વામી વિવેકાનંદના નાના-ભાઈ થતા હતા, બંગાળમાં વૈચારિક ક્રાંતિ ફેલાવવાનું કાર્ય તેમણે કરેલું. વારીન્દ્રનાથ ઘોષ દ્વારા ચલાવવામાં આવતા માસિક 'યુગાંતર'ના તેઓ સંપાદક હતા, સંપાદકીય લેખોમાં તેઓ અંગ્રેજ સરકાર વિરુદ્ધ વિદ્રોહની આગ ભડકાવવાનું કામ કરતા હતા. 'જો કોઈ વ્યક્તિ આત્મરક્ષા માટે 'બળપ્રયોગ કરે તેને ન્યાયોચિત બતાવવામાં આવે તો કોઈ રાષ્ટ્ર એવું કરે તો એને કેમ ન્યાયોચિત ગણવામાં ન આવે ? જો કોઈ વ્યક્તિ પોતાનો જીવ બચાવવા માટે ચોર-લૂંટારાનો જીવ લઈ શકે તો એક દેશનો જીવ બચાવવા માટે કોઈને મોતને ઘાટ ઉતારવામાં આવે તો એને અપરાધ કેમ કહેવામાં આવે ?' ભૂપેન્દ્રનાથનાં આવાં નિર્ભિક લખાણ છતાં બ્રિટિશ સરકાર તેમની ધરપકડ કરવાની હિંમત નહોતી કરી શકતી, હદ તો ત્યારે થઈ કે ભૂપેન્દ્રનાથે અંગ્રેજો માટે ગીધ, ખચ્ચર અને કૂતરા જેવા શબ્દો વાપરવા માંડ્યા. સરકારે હવે તેમની ધરપકડ કરીને તેમના પર રાજદ્રોહનો કેસ ચલાવ્યો. સરકારને એમ હતું કે ભૂપેન્દ્રનાથ પોતાના બચાવ માટે વકીલ રાખશે. પરંતુ ભૂપેન્દ્રનાથે કોર્ટમાં સિંહગર્જના કરી. 'હું ભૂપેન્દ્રનાથ દત્ત જાહેર કરું છું કે 'યુગાંતર'માં જેટલા સંપાદકીય લેખો પ્રકાશિત થયા છે એ બધા માટે હું જ જવાબદાર છું. જે કર્યું છે એ મારા દેશ માટે કર્યું છે. આ સિવાય હું કશું કહેવા ઈચ્છતો નથી અને કોર્ટની કાર્યવાહીમાં ભાગ પણ લેવા માગતો નથી.' આ સાંભળીને છંછેડાયેલા જજે કહ્યું 'તમારા વિરુદ્ધ કોર્ટના અપમાનનો અભિયોગ ચલાવવામાં આવશે.' જવાબમાં ભૂપેન્દ્રનાથે કહ્યું, 'તમને જે યોગ્ય લાગે એ કરજો .' ૨૪ જુલાઈ, ૧૯૦૭ના રોજ બંગાળમાં ક્રૂર જજ તરીકે પંકાયેલા કિંગ્સ ફોર્ડ ફેંસલો સંભળાવ્યો તેમાં ભૂપેન્દ્રનાથને એક વર્ષની કઠોર કારાવાસની સજા કરવામાં આવી. ભૂપેન્દ્રનાથે હસતે મોઢે આ સજા સ્વીકારી લીધી. પોલીસના માણસો એમને પકડવા આવ્યા તો તેમનો હાથ છોડાવીને જાતે પોલીસની ગાડીમાં બેસી ગયા. જેલમાંથી તેમણે પોતાના દેશવાસીઓને સંદેશો મોકલ્યો. 'અંગ્રેજ સામ્રાજ્ય પાયા વગર ઊભેલી કાચી ઈમારત છે. જરા સરીખા ધક્કાથી તે ધરાશાયી થઈને વીખેરાઈ જાય તેમ છે. તેની શક્તિને વધારીને બતાવવામાં આવી છે. તે આપણા ધક્કાની પ્રતીક્ષા કરી રહી છે. નિર્ભય બનો અને તમારું કર્તવ્ય નિભાવતા રહો.'' જેલમાંથી છૂટીને ભૂપેન્દ્રનાથ બર્લિન ચાલ્યા ગયા. ત્યાં રહીને તેમણે ક્રાંતિકારી પ્રવૃત્તિમાં સક્રિય યોગદાન આપ્યું. 'રાજનીતિક ઈતિહાસ' પુસ્તક લખ્યું. પ્રથમ વિશ્વયુદ્ધમાં જર્મનીનો પરાજય થતાં ત્યાંથી રુસ ગયા. ભારતની સ્વતંત્રતા માટે વિદેશની ગલીઓમાં ભટકતા રહ્યા. દેશ આઝાદ થયા પછી તેઓ વતનમાં આવી શક્યા. ૧૯૬૧માં તેમનું અવસાન થયેલું.

REGD. NO. GAMC 563/ 2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/NG/077/2021-23 VALID UP TO 31-12-2023 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

# પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના મંત્રીમંડળનું વિસ્તરણ



| | |
|---|---|
| શ્રી નરેન્દ્રભાઈ મોદી | પ્રધાનમંત્રીશ્રી ભારત સરકાર |
| શ્રી અમિતભાઈ શાહ | ગૃહ અને સહકાર (કેબિનેટ મંત્રી) |
| શ્રી એસ. જયશંકર | વિદેશ (કેબિનેટ મંત્રી) |
| શ્રી મનસુખભાઈ માંડવિયા | આરોગ્ય કલ્યાણ, કેમિકલ ફર્ટિલાઈઝર (કેબિનેટ મંત્રી) |
| શ્રી પરસોત્તમભાઈ રૂપાલા | મત્સ્ય, પશુપાલન અને ડેરી (કેબિનેટ મંત્રી) |
| શ્રી દર્શનાબહેન જરદોશ | કાપડ અને રેલવે (રાજ્ય મંત્રી) |
| શ્રી દેવુસિંહ ચૌહાણ | કોમ્યુનિકેશન (રાજ્ય મંત્રી) |
| ડૉ. મહેન્દ્ર મુંજપરા | મહિલા અને બાળકલ્યાણ, આયુષ (રાજ્ય મંત્રી) |

**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.